श्रीमद् आचार्य श्रीशुभचंद्रविरचित ज्ञानार्णव
या योगार्णव, वा योगप्रदीपना सारभूत

# श्री शुद्धोपयोग.

## ( सहज समाधि )

બહિરાત્મ ભાવ છોડી, અંતરાત્મ ભાવ પોતામાં જોડી
પરમાત્મા દર્શન કરવાનો મોક્ષાભિલાષીને સુગમ માર્ગ
ભાષાંતર કરી સાનુભવ વિવેચન કરનાર
આનંદનંદન

પંડિત. ફ. કે. લાલન.

પ્રગટ કરનાર
શ્રી વીર પરમાત્માના શાશનનો જીજ્ઞાસુ

શ્રીવીર સંવત્ ૨૪૨૯.　　સને ૧૯૦૨.

કિમ્મત–દોષવાન ઉપર પણ એકવાર કરૂણા

P. P. Ac. Gunratansuriji M.S.　　Jin Gun Aaradhak Trust

हक्क सर्वेषाम्

મુંબઈ:—" નિર્ણયસાગર " છાપખાનામાં છપાવી
પ્રસિદ્ધ કર્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

# तृतीयावृत्ति.

## પુષ્પાંજલિ.

કચ્છ દેશના મંજલ ગામમાં પ્રભુના દર્શન કરતાં, તદ્દયમાં પ્રગટ થયેલા આવા ભાવને—

આજ આનંદશ્રી પ્રગટતો મન વિષે,
તન વિશે વચનમાં છલકી રેહેતો;
આત્મસ્વયંભૂરમણુ સમુદ્રમાં,
પૂર્ણ પોતે રહી મ્હલકી રહેતો. આજ આનંદશ્રી. ૧

જ્ઞાન આનંદથી આલખેલું જગત્,
જ્ઞાન રૂપે અતિ ઉલસી રહેતું;
દર્શનાનંદથી પૂર્ણ પોતે રહી,
સ્વપર પર્યાયને ભેટી રેહેતું. આ૦ આનંદશ્રી૦ ૨

એમ હું જ્ઞાનથી દર્શને રાચતો,
દર્શને જ્ઞાનમાં રમણુ કરતો;
તેજ ચારિત્ર મુજ આત્મક્રિડાવને,
રોમમાં પણ અતિ પુલકી રહેતું. આ૦ આનંદશ્રી૦ ૩

ભરતી રૂપે ગઈ વેદના સુખની,
ઓટરૂપે અસાતા ગયેલી;
રાત્ર ને દિવસ એ ભૂમિઉપર થતાં,
સૂર્યમાં નિષદિન કયાંથી થાતી ? આ૦ આનંદશ્રી૦ ૪

સર્વ જંતુનો સગો ભાઈ
ને શ્રીવીરનો લઘુબાળ.

લાલન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ભક્તિકુસમાંજલિ.

શ્રી વીરપ્રભુની સકલ જંતુ રક્ષક અમોઘ વાણીને— જે શ્રી મહા પ્રભુના સ્વયંભૂરમણ સમુદ્ર સરખા અગાધ અને વિશાળ હૃદયમાં ઉલ્લાસ પામતા દયાના તરંગો વડે આખા જગતમાં દિવસાનુદિવસ સર્વત્ર દયા દયાને દયાજ માનનીય થઈ પ્રસરતી ચાલી છે; જે શ્રીવીર પ્રભુની પરિસ્ફૂટ અને સરલ વાણીનો આસ્વાદ જંતુ માત્ર લઈ, પોતાનું સ્વાભાવિક વૈર પણ મૂકી દેછે, અને મારા સગા માનવબંધવો તો તેથી એમ સમજવા લાગ્યા છે કે સમદૃષ્ટિજ તરવાનો માર્ગ છે; અને જે શ્રી મહાપ્રભુના લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાનના પ્રભાવવડેજ જાણે તેમનાં કિરણોએ પ્રકાશ પામી સકલ સતશાસ્ત્રો રચાઈ જંતુઓને સન્માર્ગે ચડાવતા હોય એમ જણાય છે, તે શ્રી મહાવીર ભગવાનની "સવી જીવ કરૂં શાશન રસી" એવી અખુટ દયાને–સર્વ જીવને સમભાવ પર લાવનારી સરલ–અને અમોઘ વાણીને –તેમજ સર્વ જીવને પોતાને કેવલ્ય પ્રાપ્ત થતાં પ્રકાશ આપનાર તેમના કેવલજ્ઞાનને આ ભક્તિ કુસમાંજલી તેમના એક લઘુબાળ લાલન તરફથી સમર્પણ હો."

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આમુખ.

આજ આનંદ વાર્તા. આર્યભૂમિ ઉપર આવ્યો. વિદ્યા
ાથી આગળ વધેલા પાતાળ દેશની અનેક ખૂબીઓ-
ાંથી અહિંઆ આવતાંજ એકનું દર્શન શ્રી જૈન એશોશી-
શન આવ ઇંડિયાએ કરાવ્યું. તે દેશમાં જેમ લેખક-
ર્ગ અને પ્રસિદ્ધકવર્ગ પુસ્તકના સંબંધમાં ભિન્ન હોય છે.
ત્રીજ રીતે મારા પુણ્યોદયે આ સભાએ તેની અનુકૃતિ
ો મારાપર પત્ર લખી કૃપા કરી છે. તે હું ઉપકાર સાથે
ીકારૂં છું.

લાલન.

## પ્રસ્તાવના.

આ ગ્રંથની પ્રથમાવૃત્તિની ઘણી ખરી સઘળી પ્રતો જૈન
શોશીએશને ખરીદી યોગ્ય અભિલાષીઓને આપવા લઈ
ધી છે. દ્વિતીયાવૃત્તિની પ્રત બે હજાર લગભગ આઠમા-
માં વેચાઈ ગઈ છે, તે ઉપરથી સહજ અનુમાન થાયછે કે
ઃવા સરલ ભાષામાં લખાતા ગ્રંથો ચતુર્વિધ સંઘમાં માન-
ય થાયછે. અને આશા છે કે આ તૃતીયાવૃત્તિ પણ એ
ાણે આત્મમાર્ગ દાખવવા મારા સકળ માનવબાંધ-
ને ઉપયુક્ત થશે.

લા. સર્વે જંતુનો બંધુ.

લાલન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સૌભાગ્યવતી પરમપ્રિય ધર્મબ્હેન,
## ધનબાઈ ભર્તા મેઘજી પાસુ.

**પ્રિયબ્હેન,**

જન્માંતરમાં ઉપશમ પામેલી જૈનધર્મપરની મારી સુ-ખવુત્તિ, મુંબઈ પાસેના **અગાસી ગામમાં** શ્રી **મુનિસુવ્રત મહારાજનાં** ચૈત્યમાં મંગળ પૂજા સામગ્રી વખતે ચક્ષુરા-ગથી પ્રગટ થઈ હોય, તેમ મને તો લાગે છે. ત્યાર પછી પણ આપની ધર્મજીજ્ઞાસા, પવિત્રતા, સરલતા, નિર્લો-ભતા, ને **નમ્રતા** આદિ ગુણોનું મને શિક્ષણ આપવામાં આપે કાંઈ પણ ખામી રાખી નથી, તેમજ **"ભાઈ, જ્યાં જ્યાં જાઓ, ત્યાં ત્યાં** ધર્મનો ઉદ્યોત કરી વેહેલા પધા-રજો" એવી આશિષ આપી[1] તથા કષાયક્ષયથી થતી નિર્મ-ળતા ને તેથી **આત્માનુભવ** થાય તેનો કંઈક માર્ગ સૂચવ્યો છે, તે બરાબર છે યા નહિ, તે તપાસી ભાઈઉપર હજી પણ તેવીજ કૃપા કરશો.

| | |
|---|---|
| ચીકાગો;અમેરિકા,<br>આત્મ સંવત્ ૧ આ-<br>શ્વિન શુક્લ ૮ મંગળ.<br>(સમતાગૃહ). | લા. આપના પ્રશસ્ત ગુણોના ઋણી,<br>**ફતેહચંદ કર્પૂરચંદ લાલનની**<br>**આશિષ.** |

---

૧ એ શુભાશિષનાં જે કંઈ ફળ યૂરોપ, અમેરિકામા થયાં, થાય છે ને થશે; એનું શુભ પુણ્ય એ બ્હેનને હો.

**બંધુ લાલનના નમન.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમપ્રિય પિતૃનિર્વિશેષ.

## શ્રીયુત્ હંસરાજ ભાઈ શ્યામજી.

આપના જૈન ધર્મના અગાધ જ્ઞાનથી આપે મારી શંકા-
.નું નિવારણ કરી મારી ઉપર ઉપકાર કર્યો છે; એટલુંજ
ડીં પરંતુ મારી પવિત્ર, વિચારશીલ, ને સકલ જંતુપર કરૂ-
ળુ બેન ધનબાઈએ ઉપશમ થએલી મારી ધર્મવૃત્તિને
હાર આણ્યા પછી, મને જે જે હૃદય મંદિરમાં અનુભવ
તા હતા, તેમાંના ઘણાખરા ખરા છે, તેમ આપની સ્મર-
શક્તિના ખજાનામાંથી, શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજય,
ીઆનંદઘન, શ્રીચિદાનંદઘન, શ્રીહરિભદ્રસૂરિ વગેરેના, અ-
ાધ વચનથી, મારા અનુભવ ઉપર છાપ મારી, મને ધર્મ-
ાર્ગમાં કંઈ ઉત્સાહ આપી આપી દૃઢ કર્યો હોય, તો તે
ાપજ છો, તે છતાં આ પુસ્તકમાં અપરિપકવ થયેલા વા-
ીસમુદાયથી આ કાચો અનુભવ બરાબર છે યા નહિ, તે
.ખવશો એવું જાણી, આપને આ પુસ્તક અર્પણ કરૂં છું.

| | |
|---|---|
| શ્રીઆત્મ સંવત ૧<br>કાગો—અમેરિકા,<br>૫-૯-૯૬.<br>(સમતાગૃહ.) | લા. આપના ગુણાનુરક્ત બાળ,<br>ફતેહચંદ કપૂરચંદ લાલનના<br>જયજિનેંદ્ર. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અર્પણ પત્ર.

## श्रीमन्महावीरना

### જ્યેષ્ઠ पुत्रो केशर–मदनौ

### સમાધિ પછીની એક અવસ્થા.

પદ.

મુંગો રહું તો શાંતિ લાગે, બોલું તો હું બોલું;
બેશી રહું તો બેઠું લાગે, ઉભો રહું તો ઉભું.–મુંગો૦ १

મુંગું, બોલું, બેસું, ઉભું, એ તરંગનું મોજું;
નહિ હું મુંગો નહિ હું બોલું, નહિ બેસું હું ઉભું.–મુંગો૦ ૨

મુંગું મોઢું બોલે મોઢું, પગ બેસે ને ઉભે;
હું હું કરતો પવન પ્રચલતો ઇંદ્રિય અશ્વમાં ઝુંઝે.–મુંગો૦
પણ પવનને જો હું લઇ લહું તો અપ્પો[1] હું[2] થઈ રહું;
જ્યોતે[1] જ્યોત[2] સમાતા અપ્પો[1] આનંદ રૂપે ગ્રહી રહું.–મું૦

વચન સુધાના નેક ઘૂટડા પીતાં કો ન ધરાય?
રાચે માચે આનંદ બાલક અપ્પો રે' સત્તાય.[3]–મુંગો૦

| | |
|---|---|
| પદ્મખિણની હૃદય- | આનંદ બાલક |
| ગુફામાં એક યોગી | ફ. ક. લાલન. |

---

૧ આત્મન્. ૨ અંતરાત્મન્. ૩ સામાન્યથી આત્મત્વ–ને વિશે
ષથી જ્ઞાન, દર્શન, ચારિત્ર છે માટે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ

श्रीपंचपरमेष्ठिभ्यो नमः

# शुद्धोपयोगः

## ( सहजसमाधिः )

### उपोद्घात.

પરમાત્માનાં દર્શન કરવાનો માર્ગ.

अज्ञातस्वस्वरूपस्य परमात्मा न बुध्यते ।
आत्मैव प्राग्विनिश्चेयो विज्ञातुं पुरुषं परम् ॥ १ ॥

અર્થ—જેને પોતાના આત્માના સ્વરૂપની ઓળખાણ નથી, તે પરમાત્માના સ્વરૂપને જાણી શકતો નથી, માટે પરમાત્માનું સ્વરૂપ જાણવાની ઇચ્છા રાખનારે પ્રથમ પોતાનું આત્મસ્વરૂપ જાણવા વિશેષે કરી નિશ્ચય કરવો જોઇએ. ૧

**વિવેચન**—આત્મસ્વરૂપની ઓળખાણ એટલે, અંતરાત્મા, જેનું સ્વરૂપ શ્લોક સાતમામાં દર્શાવેલું છે તેની ઓળખાણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

आत्मतत्वानभिज्ञस्य न स्यादात्मन्यवस्थितिः ।
मुह्यत्यतः पृथक् कर्तुं स्वरूपं देहदेहिनोः ॥ २ ॥

ભાવાર્થ—આત્માનું તત્વ નહીં જાણનારને આત્મામાં સ્થિતિ થતી નથી તેથી દેહ અને દેહમાં વ્યાપી રહેલા આત્માને જૂદા સમજવામાં તે પોતાના અંતઃકરણમાં મુંઝાયા કરે છે. ૨

ભેદજ્ઞાન.

तयोर्भेदापरिज्ञानान्नात्मलाभः प्रजायते ।
तदभावात् स्वविज्ञानस्फूर्तिः स्वप्नेऽपि दुर्घटा ॥ ३ ॥

અર્થ—જ્યાંસુધી દેહને આત્મા જૂદા છે એવું **ભેદજ્ઞાન** નથી થતું, ત્યાંસુધી આત્મસ્વરૂપની પ્રાપ્તિ નથી થતી, ને જ્યાંસુધી આત્માના સ્વરૂપનું જ્ઞાન નથી થતું, ત્યાંસુધી પરમાત્માના જ્ઞાનની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ થાય એમ નજ સમજવું. ૩

अतः प्रागेव निश्चेयः सम्यगात्मा मुमुक्षुभिः ।
अशेषपरपर्यायकल्पनाजालवर्जितः ॥ ४ ॥

અર્થ—એટલા માટે મોક્ષની ઇચ્છા રાખનારાઓએ પેહેલેજ વિવેકથી રૂડી રીતે આત્માનો નિશ્ચય કરવો. તે **સમ્યક્**[1] આત્મા એવો છે કે જેમાં મનુષ્ય, તિર્યંચ, નારકી અને દેવતા, એવા ભ્રાંતિથી જાગતા સઘળા પરપર્યાયની હૈયાતી નથી. ૪

૧ જ્ઞાન, દર્શન, ને ચારિત્ર એજ સમ્યક્ આત્મા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે આત્માનું સ્વરૂપ ત્રણ પ્રકારે વર્ણવેછે.

त्रिप्रकारः स भूतेषु सर्वेष्वात्मा व्यवस्थितः ।
बहिरंतः परश्चेति विकल्पैर्वक्ष्यमाणकैः ॥ ५ ॥

અર્થ—સર્વે પ્રાણીઓમાં વ્યાપી રહેલો આત્મા જુદા જુદા ત્રણ વિકલ્પોવડે બાહિર, આંતર ને પર એમ ત્રણ પ્રકારે કહેવામાં આવશે. ૫

હવે બહિરાત્માનું સ્વરૂપ કહેછે.

आत्मबुद्धिः शरीरादौ यस्य स्यादात्मविभ्रमात् ।
बहिरात्मा स विज्ञेयो मोहनिद्रास्तचेतनः ॥ ६ ॥

અર્થ—આ શરીર, મન, અને વાણી વગેરેમાં જેને આત્મભ્રાંતિથી આત્મબુદ્ધિ થાય, તે મોહનિદ્રામાં પડીને ઘોરતો ચેતન બહિરાત્મા કહેવાય. ૬.

હવે અંતરાત્માનું સ્વરૂપ કહેછે.

बहिर्भावानतिक्रम्य यस्यात्मन्यात्मनिश्चयः ।
सोऽतरात्मा मतस्तज्ज्ञैर्विभ्रमध्वान्तभास्करैः ॥७॥

અર્થ—ઉપર કહેલી શરીરાદિ બાહેરની વસ્તુઓને છોડી જેને પોતાના આત્મામાંજ આત્મનિષ્ઠા થાય, તે અંતરાત્મા છે; એમ ભ્રાંતિરૂપ અંધકારને દૂર કરનાર સૂર્યસરખા આત્મજ્ઞાનીઓએ માન્યું છે. ૭

હવે પરમાત્માનું સ્વરૂપ વર્ણવે છે.

निर्लेपो निष्कलः शुद्धो निष्पन्नोऽत्यंतनिर्वृतः ।
निर्विकल्पश्च सिद्धात्मा परमात्मेति वर्णितः ॥ ८ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ—શરીર ને કર્માદિના લેપ વગરના હોવાથી નિર્લેપ, શરીરાદિથી અસંગ હોવાથી નિ:કલ, દ્રવ્ય અને ભાવ કર્મથી રહિત હોવાથી પરમશુદ્ધ, પરમપદને પામેલ હોવાથી નિષ્પન્ન, અવ્યાબાધ સુખી હોવાથી આનંદમય, વિકલ્પ રહિત હોવાથી નિર્વિકલ્પ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર તથા અનંત વીર્યરૂપી લક્ષ્મી પામવાથી જે સિદ્ધ કહેવાય, તેજ પરમાત્મા એવા નામથી શાસ્ત્રોમાં વર્ણવેલા છે, ૮.

ત્યારે હવે પરમાત્મસ્વરૂપ ઓળખવાને શું કરવું?

कथं तर्हि पृथक् कृत्वा देहाद्यर्थकदंबकात् ।
आत्मानमभ्यसेद् योगी निर्विकल्पमतींद्रियम् ॥९॥

અર્થ—શરીરાદિ વિષયોના સમૂહથી જૂદો કરી, ઇંદ્રિયોથી ન જણાતા એવા નિર્વિકલ્પ આત્માનો યોગાભ્યાસીએ ત્યારે કેવી રીતે અભ્યાસ કરવો? ૯.

યોગના અભ્યાસીઓને તેનો ઉપાય બતાવે છે.

अपास्य बहिरात्मानं सुस्थिरेणांतरात्मना ।
ध्यायेद्विशुद्धमत्यंतं परमात्मानमव्ययम् ॥ १० ॥

અર્થ—દેહાદિ બહારના વિષયોમાં હું ને મારૂં એવી બુદ્ધિ છોડી દઈ, એટલે બહિરાત્મભાવ મૂકી દઈ, રૂડી રીતે સ્થિર થતા અંતરાત્માવડે અત્યંત વિશુદ્ધ એવા પરમાત્મા નું ધ્યાન કરવું. ૧૦

વિવેચન—પ્રિય વાંચનાર, આ દશમા શ્લોકમાં સહજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમાધિનું રહસ્ય એટલે ભેદ સમાયલો હોવાથી તેનું કંઇક અનુભવગત વિશેષ વિવેચન કરવા અહીં પ્રયત્ન કરૂં છું.

આ શરીર, મન, અને વાણી એ હું નથી, અને તેથી એ ત્રણેથી ભોગવાતા વિષયો, એ મારા નથી, એવી બુદ્ધિ થતાં, શરીરાદિ અને વિષયોમાંથી રાગ દ્વેષ છૂટતો જશે, કારણકે રાગ દ્વેષ આ બહારના વિષયોમાં હું ને મારૂં એવી બુદ્ધિથી ઉત્પન્ન થાયછે. અને જે જે અંશે રાગદ્વેષ આત્મામાંથી છૂટતો જશે, તે તે અંશે **આત્મા સ્થિરતા** અનુભવતો જશે, અને તે એટલે સૂધી કે પોતે અગાઉ કોઇ દિવસે નહિ અ-નુભવેલી શાંતિ પોતામાંજ અનુભવશે. એવી શાંતિ અને સ્થિરતા અનુભવતો આત્માજ અંતરાત્મા જણાય છે. અને એ અંતરાત્મા બહારના વિષયોથી વિમુખ થઇ, **પરમાત્માની** સન્મુખ થઇ તેનાં દર્શન કરવાને યોગ્ય થાયછે. માટે જેને **પરમાત્માના દર્શનની કે પરમાત્માની પ્રાપ્તિની** જીજ્ઞાસા હોય તેને આ ઉપાય, કુંચી, કે રહસ્ય કામે લગાડવાની હું પ્રાર્થના કરૂં છું. અધ્યાત્મ **રસિક** શ્રીમદ્ દેવચંદ્રજી પણ આપણને કહેછે કે **પ્રીતિ અનાદિની પરથકી, જે તોડે હો, તે જોડે એહ; પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ. ૬**

ભાવાર્થઃ–પ્રભુસાથે પ્રીતિ કેમ થાય? તેનું ઉત્તર આપતાં આચાર્ય મહારાજ આપણને કહેછે કે અનાદિ કાળથી શરીર, મન, વાણી અને તેના વિષયો એ પરવસ્તુ છે, માટે એની સાથે તમે પ્રીત તોડો, એટલે **પરમાત્માની** સાથે તમારી પ્રીતિ થવાને તમારામાં યોગ્યતા આવશે. એમ યોગ્ય થઇ–

પછી પરમપુરુષ પરમાત્માની સાથે જો રાગ કરશો તો ગુ-ણના ધરરૂપ તમે પોતેજ પરમાત્મા થઈ જશો. ભા. ક.

હવે મૂઢ પુરૂષ તથા જ્ઞાની પુરૂષની દૃષ્ટિ કેવી હોયછે તે દેખાડેછે.

संयोजयति देहेन चिदात्मानं विमूढधीः ।
बहिरात्मा ततो ज्ञानी पृथक् पश्यति देहिनम्॥११

અર્થ—અતિ મૂઢબુદ્ધિવાળો પુરૂષ આ જ્ઞાનમય આત્માને બાહ્યદૃષ્ટિવાળો હોવાથી દેહજ છે એમ જુએછે. અને જ્ઞાની પુરૂષ આ સકલ દેહમાં વ્યાપી રહેલા ચિત્ અને જ્ઞાનમય આત્માને દેહથી જૂદો છે એમ દેખેછે. ૧૧.

હવે બહિરાત્મા દેહનેજ આત્મા માનેછે તેનું કારણ કહેછે.

अक्षद्वारैरविश्रांतः स्वतत्त्वविमुखैर्भृशम् ।
व्यावृतो बहिरात्मा यो वपुरात्मेति मन्यते ॥१२॥

અર્થ—પોતાના આત્મતત્વથી ઉલટી દિશામાંજ વિશેષે-કરી જોનારાં એવાં ઇંદ્રિયોના દ્વારથી ઘેરાએલો આ બહિ-રાત્મા શરીરનેજ આત્મા છે એમ માનેછે. ૧૨.

પછી તેજ શરીરને મનુષ્યાદિ પર્યાયરૂપ ગણેછે.

सुरं त्रिदशपर्याये नृपर्याये तथा नरम् ।
तिर्यंचं च तदंगेषु नारकांगे च नारकम् ॥१३॥
वेत्त्यविद्यापरिश्रांतो मूढस्तन्न पुनस्तथा ।

ભાવાર્થ—આ અનાદિ કાળથી અવિધાનાજ અભ્યાસમાં પડેલો મૂઢ, પોતાનું શરીર તેજ આત્મા માનવારૂપ પેહેલી ભૂલ કર્યા પછી, તે ભૂલોની પરંપરામાંજ પડતો જાયછે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે આવી રીતે કે જો તે શરીર દેવતાનું હોય, તો પોતાને દેવતા માને, માણસનું હોય તો માણસ ગણે, તિર્યંચ એટલે પશુ, પક્ષીનું હોય તો હું પશુ, પક્ષી છું એમ જાણે અને નારકીમાં હોય તો હું નારક છું એમ કહે; આમ શરીરના પર્યાયરૂપ મનુષ્યાદિ તે હું એમ માનતો ચાલ્યો જાયછે અર્થાત્ એવા પર્યાયોને હું સમજવાથી ભવો-ભવમાં ભટકતો ફરેછે. ૧૩-૧૪.

જ્ઞાની, શરીરના મનુષ્યાદિ પર્યાયને કેવા ગણેછે.

किन्त्वमूर्तं स्वसंवेद्यं तद्रूपं परिकीर्तितम्॥१४॥
स्वशरीरमिवान्विष्य परांगं च्युतमच्युतम् ।
परमात्माश्रितं ज्ञानी परबुद्ध्याध्यवस्यति ॥ १५ ॥

અર્થ—પરંતુ અરૂપી, સ્વસંવેદ્ય એટલે પોતાથીજ જણાય એવા જ્ઞાનરૂપ, વિખ્યાત એવા, સ્વશરીર તેમજ પરશરીરમાં વ્યાપી રહેલા અવિકારી પરમાત્માને આશ્રયી, જ્ઞાની પુરૂષ તો આત્મામાંજ આત્મબુદ્ધિ કરી રહ્યા છે. ૧૪,૧૫.

હવે બહિરાત્માના કાર્યનું વર્ણન કરેછે.

स्वात्मेतरविकल्पैस्तैः शरीरेष्ववलंबितम् ।
प्रवृत्तैर्वंचितं विश्वमनात्मन्यात्मदर्शिभिः ॥ १६ ॥

અર્થ—જડનેવિષે આત્મબુદ્ધિવાળા, મિથ્યા દૃષ્ટિઓએ, (બહિરાત્માએ) આત્માને છોડી બીજા વિકલ્પો પ્રવર્તાવી, શરીરાદિને વિષેજ મુંઝાઈ રહી, આ બિચારા આખા વિશ્વને અરેરે ઠગી લીધું છે.!!! ૧૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી પોતાથી અત્યંત ભિન્ન એવા પુત્રાદિને પોતાના માનેછે.

ततः सोऽत्यंतभिन्नेषु पशुपुत्रांगनादिषु ।
आत्मत्वं मनुते शश्वदविद्याज्वरजल्पितः ॥ १७ ॥

અર્થ—આ શરીરજ આત્માથી ભિન્ન છે, તો પછી પશુ પુત્ર, સ્ત્રી એતો આત્માથી અત્યંત ભિન્ન થયાં, તે છતાં અનાદિકાળની અવિદ્યાના તાવની ઝુમમાં ને ઝુમમાં હમેશા એમજ બકી રહ્યો છે કે એતો મારાં છે! ૧૭.

પછી તે શરીરાદિમાં જાડા પાતળાપણું જોઈને તે પોતાને માનેછે.

साक्षात्स्वानेव निश्चित्य पदार्थांश्चेतनेतरान् ।
स्वस्यैव मनुते मूढस्तन्नाशोपचयादिकम् ॥१८॥

ભાવાર્થ—પ્રત્યક્ષથી જોતાં પોતાની ચેતના કરતાં જૂદા એવા પદાર્થોને પોતાના છે એમ તે મૂઢ નક્કી સમજેછે; એટલુંજ નહિ પરંતુ તે શરીરાદિ પરપદાર્થની હાનિ–વૃદ્ધિથી પોતાની હાનિ–વૃદ્ધિ, માનેછે. ( અર્થાત્ શરીર પાતળું હોય તો હું સુકાઇ ગયો છું, તે જાડું હોય તો હું જાડો છું, એમ માનેછે.) ૧૮.

શામાટે શરીરાદિને હું માને છે? તેનું કારણ હવે કહે છે.

अनादिप्रभवः सोऽयमविद्याविषमग्रहः ।
शरीरादीनि पश्यंति येन स्वमिति देहिनः॥१९॥

અર્થ—અનાદિ કાળથી ઉત્પન્ન થએલો, આ અવિદ્યા એટલે મિથ્યાત્વરૂપ એક વિષમગ્રહ[1] તેને બેઠો છે. તેથીજ આ દેહ વગેરે હું એમ જોતો આવે છે. ૧૯.

---

૧ અવિદ્યાવિષમગ્રહ એટલે દેહ હું એવો નિશ્ચયપૂર્વક ઉલટો આગ્રહ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે શરીરમાં આત્મબુદ્ધિ ને આત્મામાં આત્મબુદ્ધિનું ફળ કહેછે.[1]

वपुष्यात्मेति विज्ञानं वपुषा घटयत्यमून् ।
स्वस्मिन्नात्मेति बोधस्तु भिनत्त्यंगानि देहिनाम् २०

ભાવાર્થ—શરીરમાં આત્મા એવું દઢ જ્ઞાન દેહધારીઓને શરીર સાથેજ રેહેવા દેછે. (અર્થાત્ ભવોભવમાં ભટકાવે છે,) અને આત્મામાં આત્મા એવો બોધ, તેઓને શરીરાદિથી છોડવી મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. ૨૦.

હવે બહિરાત્મભાવ છોડી અંતરાત્મા થવાની ભલામણ કરેછે.

तनावात्मेति यो भावः स स्याद्बीजं भवस्थितेः ।
बहिर्वीताक्षविक्षेपस्तं त्यक्त्वांतर्विशेत्ततः ॥ २१ ॥

અર્થ—દેહનેવિષે આત્મભાવ એજ સંસાર સ્થિતિનું બીજ છે, માટે ઇંદ્રિયોને બહાર ન જવા દઈ, અંતઃ પ્રવેશ કરવો. ૨૧.

વિવેચન—સંસારસ્થિતિ એટલે ભવોભવમાં રહેવું. અને તે ભવોભવમાં રહેવાનું બીજ એજ છે કે શરીરનેજ આત્મા માનવો તે; માટે શરીરને આત્મા માનવાની બુદ્ધિ, જો ઇંદ્રિયોને બાહેર વ્યાપાર કરતાં અટકાવી હોય તો ન થાય; અને પછી અંતઃપ્રવેશ સહજ થતાંજ અંતરાત્મા થવાય.

હવે અંતરાત્માવાળો જીવ પોતાની પૂર્વની બાહ્યવૃત્તિ સંભારી ખેદ કરેછે.

अक्षद्वारैः स्वतश्च्युत्वा निमग्नो गोचरेष्वहम् ।
तानासाद्याहमित्येतन्न हि सम्यगवेदिषम् ॥ २२ ॥

---

૧ આ શ્લોક ૧૧ થી ૧૯ સુધીનો ઉપસંહાર એટલે સાર રૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ—ઇંદ્રિયદ્વારવડે મારા આત્મતત્વમાંથી ખસી જઇ, આ ઇંદ્રિયોથી જણાતા વિષયોમાં અરે હું ફસાઈ પડ્યો હતો, અને તે વિષયોનેજ અત્યારસુધી અવલંબીને રહેલો હોવાથી ઇંદ્રિયોથી જણાતો તે હું નહિ એવું મને સમ્યક્ પ્રકારે ખરેખર, અરે, હમણા સૂધી જણાયુંજ નહિ!!! ૨૨.

આમ અંતરાત્મા થયા પછી પરમાત્મદર્શનની કુંચી દેખાડેછે.

बाह्यात्मानपास्यैवांतरात्मानं ततस्त्यजेत् ।
प्रकाशयत्ययं योगः स्वरूपं परमेष्ठिनः ॥२३॥

ભાવાર્થ—આ ઉપર કહેલા બાહ્ય વિકલ્પોને છોડી દઇ, મનમાં પણ આવતા વિકલ્પોને છોડી દેવા એટલે કે હું સુખી, હું દુઃખી હું ચેતન, ઇત્યાદિ સઘળા વિકલ્પોનો ત્યાગ કરવો, કેવળ અંતરાત્મા થઈ પરમાત્માની ભાવના કરવી, અને ભાવના કરતાં કરતાં અંતરાત્માને પણ છોડી દેવો; આવો અભ્યાસ કરતાં કરતાં થોડા વખતમાંજ **પરમાત્માનું સ્વરૂપ** પોતામાં પ્રતિભાસે છે. ૨૩.

વિવેચન-જે શરીર અને ઇંદ્રિયોના વિષયો, પોતાથી ભિન્ન, જણાય એટલે પોતે **અંતરાત્મા** થયો, એમ સમજવું. પરંતુ જે પ્રકાશવડે બહિરાત્મા જૂદો દેખાઇ ગયો, તે પરમપ્રકાશમય સૂર્યવત્ **પરમાત્મા** છે. માટે બહિરાત્મા જે વેળા જૂદો દેખાઈ જાય, તેજ વેળા અંતરાત્મા તરફ પણ નજર કરી લેવી. એટલે **જયોતિર્દર્શન** અંતરાત્મામાં પ્રતિબિંબરૂપે દેખાઈ રહેછે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવો ત્યાગ કરવાની યુક્તિ દેખાડે છે.

यद्यद् दृश्यमिदं रूपं तत्तदन्यं न चान्यथा ।
ज्ञानवच्च व्यतीताक्षमतः केनात्र वच्म्यहम् ॥२४ ॥

ભાવાર્થ—આ જે જે કંઈ દેખાયછે તે મારાથી જૂદું છે, અને જે મારાથી જૂદું છે તે મને કોઇ દહાડો દેખે એવું થવુંજ અશક્ય છે. કારણ કે આ જે જે કંઈ દેખાય છે તે ઇંદ્રિયોને ગોચર છે અને હું તો ઇંદ્રિયોને અગોચર છું. **જ્ઞાનવાન** એટલે દેખાઉં એવો નથી, ત્યારે મારાથી જુદા એવા જડ સાથે કેમ બોલું ? ૨૪

**વિવેચન**—આ શ્લોકનો અનુભવ કરતાં, અનુભવરસિક ભાષાંતર કર્તાને, કોઈ અલૌકિક શાંતિ ઉત્પન્ન થઇ હતી. કારણ કે ઇંદ્રિયગોચર સર્વ વિષયોમાં મૌન રહેવાથી, વચન વર્ગણાના પુદ્ગલો ફરી ફરી, સમુદ્રમાં જેમ મોજાં શાંત પામે, તેમ અંતરમાં શાંત પામતાં જણાતાં હતાં. વાતચિત આદિ જેટલો વ્યવહાર થાયછે, તે બધો જડ સાથેજ થાયછે કારણકે ચૈતન્ય તો દેખાતું નથી, બોલતું નથી, સાંભળતું નથી. માત્ર આ જે સર્વ ક્રિયા થાયછે, તે તો દીપવત્ જુએછે, જાણેછે.

હવે બાહિર વિકલ્પો તજી આંતર વિકલ્પો તજવાનું બતાવેછે.

यज्जनैरपि बोध्योऽहं यज्जनान् बोधयाम्यहम् ।
तद्विभ्रमपदं यस्मादहं विध्वस्तकल्पनः ॥ २५ ॥

અર્થ—મારો કોઇ બોધ કરી શકે અથવા હું કોઇને બોધ કરૂં કે "હું" આવો છું એ તો માત્ર ભ્રાંતિ છે, કારણ કે

હું નિર્વિકલ્પ હોવાથી એવી કોઇ કલ્પનાથી ગ્રહણ થઇ શંકુ નહિ. ૨૫.

**વિવેચન**—ધારો કે એક કુંડમાં જળ પરિપૂર્ણ ભરેલું છે. તેની વચમાં ફુવારો છે, અને ફુવારાને મથાળે છિદ્રો છે; તે-માંથી જળ ઉડે છે. તેમજ આત્માનું અનંત શક્તિરૂપી જળ મનરૂપ ફુવારામાં થઇ ઇંદ્રિયોરૂપ છિદ્રમાંથી નિકળી બહાર આ-વતું જણાય છે. એથીજ આત્માની બહાર આવેલી શક્તિ-ઓને, બહિરાત્મા પોતાની માની રહેલો છે; અને કુંડમાં ભરેલું અનંતશક્તિરૂપી જળ તેને દેખાતું નથી. હવે જો અંતરાત્મ થઇ, ઇંદ્રિયદ્વારરૂપી છિદ્રમાંથી નિકળતું જળ, અને કુંડમાં ભરેલું જળ એ ઉભય દેખાઇ રહે, તો સકળ શક્તિ-રૂપ જળમાં એકાત્મતા થઇ રહે. અર્થાત્ અંતરાત્મા પરમાત્મા-રૂપ થઇ જાય. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, એમાં, બહિર્, અંતર, અને પરમ એ તો ઉપાધિરૂપે છે–પરંતુ શ્રેષ્ઠતમ તત્વતો **આત્મતત્વ** (સિદ્ધતત્વ) છે કે જેમાં કોઇ ઉપાધિ લાગી શકે નહિ. ભા. ક.

હવે નિર્વિકલ્પ હોવા છતાં આત્મસ્વરૂપ દેખાડવા પ્રયત્ન કરેછે.

**यः स्वमेव समादत्ते नादत्ते यः स्वतोऽपरम् ।**
**निर्विकल्पः स विज्ञानी स्वसंवेद्योऽस्मि केवलः २६**

**અર્થ**—જે પોતે પોતાનેજ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર-નેજ ગ્રહણ કરી રહ્યો છે અને જે પોતાથી જૂદા એવા પર-પદાર્થને એટલે જડ પદાર્થને ગ્રહણ કરતોજ નથી તેજ **સ્વ-સંવેદ્ય, જ્ઞાની,** પરવસ્તુની સાથે નહિ મળવાથી **કેવલ** એ-ટલે એકજ. તેમજ નિર્વિકલ્પ એવો હું છું. ૨૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે આમ નિશ્ચય થયા પહેલાં હું કેવો જણાતો હતો તે કહેછે.

जातसर्पमतेर्यद्वच्छृंखलायां क्रियाभ्रमः ।
तथैव मे क्रियाः पूर्वास्तन्वादौ स्वमिति भ्रमात् २७

અર્થ—જેને સાંકળમાં[1] સર્પ એવી બુદ્ધિ થઇ છે, તે જેમ સાંકળને દૃષ્ટિભ્રમથી કે નજરચૂકથી સર્પ માની જાયછે. તેમજ હું અત્યારસૂધી શરીરાદિ તેજ હું આત્મા એમ જાણી ખરેખર બધી ક્રિયાઓ કરતો હતો. ૨૭.

પરંતુ હવે આત્મજ્ઞાન થવા પછી મારૂં વર્તન કેવું છે?

शृंखलायां यथा वृत्तिर्विनष्टे भुजगभ्रमे ।
तन्वादौ मे तथा वृत्तिर्नष्टात्मविभ्रमस्य वै ॥ २८ ॥

અર્થ—સર્પવિભ્રમ જવાથી કંઈ લોકો સાંકળને સર્પ માને નહિ, તેમ હવે શરીરાદિમાંથી આત્મવિભ્રમ જવાથી હવે કંઇ શરીરાદિને આત્મા માનેજ નહિ: તેમ આત્માનેજ આત્મા માનવારૂપી હવે મારી વૃત્તિ થઇ છે. ૨૮.

વિવેચન—સર્વમય આત્માની શક્તિ જણાવવાને, આમ ઉદાહરણ આપી શકાય. કોઈ અચિંત્ય વસ્તુ છે, જે વચનમાં આવી શક્તિ નથી. પરંતુ તે ત્રણ સ્વરૂપે દેખાય છે. અર્થાત્ બરફ, પાણી અને બાષ્પ. (વરાળ), હવે ઇંદ્રિયદ્વારમાંથી નિકળતું તે બરફ, મનમાં જે જણાતું તે જળ, અને મનથી પર જે જણાતું તે બાષ્પ. પરંતુ જેમ બરફ, જળ, અને બાષ્પ એ ત્રણે એકજ વસ્તુનાં સ્વરૂપ છે, તે-

[1] દોરડામાં, એવું પણ ઉદાહરણ ઘણી જગોએ આવેછે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મજ ઇંદ્રિયોમાંથી, મનમાંથી, અને આત્મામાંથી સ્ફુર્તિ શક્તિ એકજરૂપ છે.

આત્માને સ્ત્રી, પુરુષાદિ વેદ નથી ને સંખ્યા નથી.

एतदेषैष एकं द्वे बहूनीति धियः पदम् ।
नाहं यदात्मनात्मानं वेत्त्यात्मनि तदस्म्यहम् ॥२९॥

**અર્થ**—નર, નારી, કે નાન્યતર હું નથી, તેમજ એક, બે, કે બહુ એ પણ હું નથી. કારણકે એ વેદ, અને સંખ્યા એ તો દેહને છે, તે હું કાંઇ દેહ નથી. ત્યારે હું તો ફક્ત આત્માએ કરી આત્મામાંજ ઓળખાતો આત્માજ છું. ૨૯.

**વિવેચન**—નર, નારી અને નાન્યતર એ શરીરમાં ત્રણ પર્યાય છે. હવે જો શરીરજ આત્મા નથી, તો નર, નારી અને નાન્યતર કયાંથી હોય? સંખ્યા, એકવર્ગમાં આવેલી એક ચીજના ભાગો છે. પરંતુ આત્મા અવિભાજ્ય હોવાને લીધે તેની સંખ્યા કેમ થઇ શકે?

ભાષાન્તરકારથી અમેરિકામાં આવેલા યુનાઇટેડ સ્ટેટ્સના ચિકાગો નગરમાં મિસીસ નોરા પેટ્રી નામની એક સહોદર બ્હેને, પ્રશ્ન કરતાં કંઇક અનુભવ ગત ઉત્તર અપાયું હતું તે આત્માનંદીને ઉપયુક્ત જાણી અત્રે લખ્યું છે.

બ્હેન મિસીસ નોરા પેટ્રીએ કહ્યું,–મને મારા પતિમાં પતિભાવ, મારી દિકરીમાં પુત્રીભાવ, અને મારામાં નોરાભાવ, એમ હોવાથી પ્રેમ વેંચાઇ જતો નથી? અને વેંચાઈ જવાથી પાતળો થઈ જતો નથી? ને તારામાં બંધુત્વભાવ આવવાથી તો ચાર ભાગમાં વેંચાઇ જાયછે; એમ એકજ પ્રેમની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાર સંખ્યા થઇ. હવે સર્વ મનુષ્યોમાં, અને સર્વ જંતુઓમાં, હું જો પ્રેમ રાખું, તો આખા વિશ્વમાં જેટલી વ્યક્તિઓ છે, તેટલા પ્રેમના ખંડ થઇ જાય.

ઉત્તર આપતાં ભાષાંતરકારે કહ્યું કે, એમ નહિ, જ્યારે બ્હેન, હું તારી સન્મુખ જોઉં છું, ત્યારે અરૂપી અખંડ પ્રેમ તારામાં ભગિનીભાવ પામેછે. અને જ્યારે મારા બનેવી તરફ જોઉં છું, ત્યારે તેજ અરૂપિ અખંડ પ્રેમ પોતાનું સ્વરૂપ બદલી આખોને આખો **બનેવીભાવ** પામેછે. જ્યારે ઇવા તરફ જોઉં છું, ત્યારે તેજ પ્રેમ આખોને આખો **ભાણેજીભાવ** પામેછે. તેમજ સકળ જંતુમાં પ્રેમ રાખવો, એટલે સમયે સમયે પ્રત્યેક વ્યક્તિમાં, આખોને આખોજ તે પ્રેમ હોય; પણ તેના ખંડ થઇ શકે નહિ. એટલે તેની સંખ્યા પણ થાયજ નહિ. જેમ પ્રેમ અવિભાજ્ય છે તેમ આત્મા પણ અખંડ છે. ઉપનિષદ્ પણ એમ કહેછે:— **पूर्णमदः, पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते; पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते.** એ પૂર્ણ છે, આ પણ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ આવેછે, પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણજ અવશેષ રહેછે.

ત્યારે હું આત્મારૂપે અનુભવાઉં છું તે કેવો છું ?

**यदबोधे मया सुप्तं यद्बोधे पुनरुत्थितम् ।**
**तद्रूपमिदमत्यक्षं स्वसंवेद्यमहं किल ॥ ३० ॥**

અર્થ—જે આત્માના સ્વરૂપના બોધવિના અત્યારસૂધી હું સૂતો હતો અને જે આત્મસ્વરૂપના જ્ઞાનથી હવે જાગૃત થયોછું તેજ ઇંદ્રિયોથી ન જણાય એવું, ખરેખર સ્વસંવેદ્ય મારૂં સ્વરૂપ છે. ૩૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**વિવેચન**—જેમ એક મનુષ્ય પાસે ૫–૭ હીરા હોય અને ખુશી થાય, પરંતુ તેને હીરાની ખાણ હાથમાં આવે ને જેવો આનંદ પામે, તેમ સ્વસંવેદ્ય એટલે આત્માનુભવ કરનારને પરમાનંદ પ્રગટ થાય છે. નિગોદની અંધારી રાતમાંથી તિર્યંચની તારાવાળી રાત્રમાં આવતાં ખુશી થઇ, અને ત્યાંથી મનુષ્યની ચાંદનીરૂપ રાત્રમાં આવતાં વધારે હર્ષ થયો; પરંતુ અનુભવસૂર્ય ઉગવતાંતો આનંદજ જણાયછે. માટે મારા સગા ભાઇઓ, બ્હેનો અને સગી માતાઓ, જે મનુષ્યપણું આવ્યું તેને માટે રડો નહિ પણ હર્ષિત થાઓ, એટલે આનંદ સૂર્ય ઉગશે.

રાગ દ્વેષનો આ જન્મમાંજ નાશ ને જ્યોતિર્મય આત્માનું પ્રગટ થવું.

**ज्योतिर्मयं ममात्मानं पश्यतोऽत्रैव यांत्यमी ॥**
**क्षयं रागादयस्तेन नारिः कोऽपि न मे प्रियः ॥ ३१ ॥**

**અર્થ**—જ્યોતિર્મય આત્માને મારામાં જોતો એવો હું, તે મારા રાગદ્વેષ અહીંજ ક્ષય થઇ ગયા છે તેથી હવે કોઈ મારે નથી શત્રુ કે નથી મિત્ર. ૩૧

**અનુભવ**—ભરતી ઓટ ઘણા સમુદ્રમાં જણાય છે પણ ભૂમધ્ય સમુદ્રમાં નથી જણાતો. અમેરિકામાં દિવસ ત્યારે હિંદુસ્તાનમાં રાત્રિ, ને હિંદુસ્તાનમાં રાત્રિ, ત્યારે અમેરિકામાં દિવસ એમ ઉભયાત્મક રાત્રિ દિવસ પૃથ્વી પર જણાય છે પણ સૂર્યમાં રાત્ર દિવસ નથી. અજવાળું ને તેના અભાવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપ અંધારૂં નથી. પણ ત્યાં કેવળ પ્રકાશ છે. તેમ આત્મામાં, રાગદ્વેષરૂપ ભરતી ઓટ જતાં, પ્રિય અપ્રિય જતાં, શત્રુ મિત્રપણું જતું રહિ, કેવળ આનંદરૂપ, આત્મસ્વરૂપ જણાઇ રહેછે; તેમ જે સારા નઠારામાં નથી, પ્રિય અપ્રિયમાં નથી તેજ આત્મા મધ્યમાં રહેછે, તેજ જ્યોતિર્મય નિજસ્વરૂપદર્શન પામે છે માટે રાગને પાસે જોઇ, સામેપાસવાળાને શત્રુ કેહેવા અને દ્વેષને પાસે જોઇ સામે વાળાને મિત્ર કેહેવા એ અ-જવાળાને તેની સામેના અંધારાના-પદાર્થમાં તાદાત્મ્ય ભાવથી થયું, પણ તેથી વિલક્ષણ એવું જ્યોતિર્મય, સર્વ તેજોમય સૂર્યસરખું આત્મસ્વરૂપ તો આનંદઘનરૂપ, સર્વ ઉપર સમ-પરિપૂર્ણ પ્રેમવાળું ભાસે છે.--ભા. ક.

આત્મસ્વરૂપ જાણનારને રાગાદિ ક્ષીણ હોવાથી કોઇ શત્રુ કે મિત્ર હોતા નથી.

**अदृष्टमत्स्वरूपोऽयं जनो नारिर्न मे प्रियः ।**
**साक्षात्सुदृष्टरूपोऽपि जनो नारिः सुहृन्न मे ॥ ३२॥**

અર્થ—રાગદ્વેષ, પરવસ્તુમાં હું કે મારાપણાની બુદ્ધિથી થાય છે ને એ પરવસ્તુ છોડી મને જ્યારે મારા આત્મામાંજ આત્મબુદ્ધિ થઇ છે, ત્યારે લોકો મને ન દેખે તો પણ તે મારે શત્રુ મિત્ર નથી અને સાક્ષાત કદાચ સારી રીતે દેખે તોપણ તે મારા શત્રુ મિત્ર નથી, કારણ કે હવે મારામાં રાગદ્વેષ જણાતા નથી. ૩૨.

સ્પષ્ટીકરણ—અહિં ભાષાંતરકર્ત્તા પોતાની વીતેલી વાત,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સકળ સૃષ્ટિના જંતુઓ સમક્ષ કહી દેછે. તે એ છે કે, જેમ અજવાળાનો પ્રતિપક્ષી અંધારૂં, ને અંધારાનો પ્રતિપક્ષી અજવાળું, એમ જે ઇંદ્રિયોથી દેખાય છે તે આત્મામાં નથી. જેમ અજવાળું ને અંધારૂં, સૂર્યમાં દેખાતું નથી; પણ કેવળ પ્રકાશ દેખાય છે. તેમ રાગનો પ્રતિપક્ષી દ્વેષ અને દ્વેષનો પ્રતિપક્ષી રાગ, એમ આત્મામાં દેખાતો નથી. પણ આત્મામાં તો, સકળ જંતુપર અખંડ સમભાવ રહે છે.

હવે પૂર્વની ક્રિયા મને કેવી લાગે છે.

इतःप्रभृति निःशेषं पूर्वं पूर्वविचेष्टितम् ।
ममाद्य ज्ञाततत्वस्य भाति स्वप्नेन्द्रजालवत् ॥ ३३॥

અર્થ—આજ સુધી જે જે મારૂં પૂર્વે આચરણ હતું તે સઘળું આજે તત્વ જાણ્યા પછી હવે મને સ્વપ્ના સરખું કે ઇંદ્રજાલ જાણે ન હોય, તેવું લાગે છે ! ! ! ૩૩.

એમ અંતરાત્મા થઈ પરમાત્માને જોઉં છું તે કહેછે.

यो विशुद्धः प्रसन्नात्मा परं ज्योतिः सनातनः ।
सोहं तस्मात्प्रपश्यामि स्वस्मिन्नात्मानमच्युतम् ॥३४॥

અર્થ—જે અત્યંત નિર્મલ છે, આનંદમય છે, પરમ જ્યોતિર્મય છે, અને જે સનાતન છે તેજ હું છું એટલામાટે મારામાં રહેલા અચ્યુત આત્મા જે પરમાત્મા છે તેને હવે હું વિશેષે કરી જોઉં છું. ૩૪.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે તેજ વૃત્તિનો અભ્યાસ કરવો તે કહેછે.

बाह्यात्मानमिति त्यक्त्वा प्रसन्ने चांतरात्मनि ।
विधूतकल्पनाजालं परमात्मानमभ्यसेत् ॥ ३५ ॥

અર્થ—એ પ્રકારે બાહ્ય આત્માનો ત્યાગ કરી પ્રસન્ન એવા અંતરાત્મામાં રહી સર્વ કલ્પનાજાલથી રહિત એવા **પરમાત્માનો** અભ્યાસ કરવો. ૩૫.

**સૂચના**—સર્વકાળે ન બને તો, સામાયકની અંદર આત્માનુભવના અભિલાષિએ, આ શ્લોકમાં જણાવેલો અભ્યાસ કરવો એ ઠીક છે.

હવે બંધ અને મોક્ષનું કારણ કહેછે.

बंधमोक्षावुभावेतौ भ्रमेतरनिबंधनौ ।
बंधश्च परसंबंधात्तद्भेदाभ्यासतः शिवम् ॥ ३६ ॥

અર્થ—આત્માને પરવસ્તુના સંબંધથી બંધ છે, એમજ આત્મા અને પરવસ્તુના ભેદના અભ્યાસથી મોક્ષ છે. વળી બંધનું કારણ પરવસ્તુમાં આત્મભ્રાંતિ છે. તેમજ મોક્ષનું કારણ તેથી વિપરીત એટલે સ્વવસ્તુમાં સ્વપણું અને પરવસ્તુમાં પરપણું જાણવું, અને તેમજ આચરવું એમ છે. ૩૬.

હવે જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ બતાવે છે.

अलौकिकमहो वृत्तं ज्ञानिनः केन वर्ण्यते ।
अज्ञानी बध्यते यत्र ज्ञानी तत्रैव मुच्यते ॥ ३७ ॥

અર્થ—અહો જ્ઞાનીના વૃત્તનું અર્થાત્ આચરણનું કોણ વર્ણન કરી શકે એમ છે? તેતો કોઇ અલૌકિક છે, કારણકે જ્યાં અજ્ઞાની બંધાઈ જાય છે, ત્યાંજ **જ્ઞાની** (સમ્યક્દષ્ટિ હોવાથી) બંધનથી મૂકાય છે ! ! ! ૩૭.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિવેચન—જ્ઞાનીને સંસાર, સારી રીતે ઉચ્ચ ગતિ કરવાનું હવેથી સ્થાન છે. અને અજ્ઞાનીને સંસાર ભટકવારૂપ લાગે છે. જ્ઞાનીને સર્વે આનંદમય જણાય છે, અજ્ઞાનીને સર્વે દુઃખમય છે. જ્ઞાનીને ભવોભવ થવા એ રમત છે, અજ્ઞાનીને ભવોભવ થવું એ ભટકવારૂપ અથવા વેઠરૂપ છે. **જ્ઞાની આનંદઘન મહારાજને,** આ ચૌદ રાજ લોકમાં ચોરાશી લાખ યોનિમાં ફરવું એ ચોપટની રમત જેવું લાગે છે, અને અજ્ઞાનીને તે કેદખાના જેવું લાગેછે. खेले चतुर्गति चोपर ચાર ગતિરૂપ ચોપટ જીવ ખેલેછે, કારણ જ્ઞાનીનો ખેલ સર્વમાં નિર્જરારૂપે હોય છે.

અનુભવી આંતરદષ્ટિથી પૂર્ણ, અને આંતરદષ્ટિપૂર્વક બહિરદષ્ટિથી ખંડ એમ જોવાથી ઉભય અરૂપી રૂપી પદાર્થનો આસ્વાદ લઈ શકે છે.

હવે પોતાની પૂર્વની બાહ્યદષ્ટિ સંભારી જરા ખેદ કરે છે.

यज्जन्मगहने खिन्नं प्राङ्मया दुःखसंकुले ।
तदात्मेतरयोर्नूनमभेदेनावधारणात् ॥ ३८ ॥

અર્થ—દુઃખોથી આકુલ વ્યાકુલ થઈ રહેલા આ જન્મરૂપી ગહન વનમાં હું પૂર્વે ભટકી ભટકી બહુ ખેદ પામ્યો; કારણ કે આત્મા અને તેથી જુદી એવી બીજી જડ વસ્તુઓનો આત્માસાથે, અરે અરે અભેદપણે મેં નિશ્ચય કર્યો ! ! !૩૮.

હવે પોતાને આત્મનિર્ણય થયા પછી પરજીવ ઉપર તેને કેટલી બધી કરૂણા આવે છે તે દેખાડે છે.

मयि सत्यपि विज्ञाने प्रदीपे विश्वदर्शिनि ।
किं निमज्जत्ययं लोको वराके जन्मकर्दमे ॥ ३९ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—હું આ આખા વિશ્વને જોનારો જ્ઞાનરૂપી છું. તે છતાં બિચારો આ લોકસમુદાય જન્મરૂપી કાદવમાં કેમ પડી જાય ! ! ! ૩૯.

હવે આત્મજ્ઞાની પોતાનો અનુભવ કહેછે.

आत्मन्येवात्मनात्माऽयं स्वयमेवानुभूयते ।
अतोऽन्यत्रैव मां ज्ञातुं प्रयासः कार्यनिष्कलः॥४०॥

અર્થ—આવા જ્ઞાન, દર્શનમય આત્માનો અનુભવ તો આત્માની અંદર આત્મા પોતેજ પોતાની મેળે કરી રહ્યો છે, માટે મારે તેને બાહેર જાણવાને પ્રયત્ન કરવો તે હવે નિષ્ફલ છે. ૪૦

આત્માનો આમ અનુભવ થયા પછી તેનીજ વારંવાર
ભાવના કરવાથી થતા ફળને દેખાડે છે.

स एवाहं स एवाहमित्यभ्यसन्ननारतम् ।
वासनां द्रढयन्नेव प्राप्नोत्यात्मन्यवस्थितिम् ॥४१॥

અર્થ—આ પ્રમાણે જ્ઞાનદર્શનમય આત્માનો અનુભવ થયા પછી સોહં "સોહં" તેજ હું તેજ હું એવો વગર ખાંચે અભ્યાસ કરતાં કરતાં તે શુદ્ધ ચૈતન્યમય આત્માની એવી દૃઢ વાસના થાય છે કે જેથી તે આત્મા પરમાત્માની સ્થિતિને પામે છે. ૪૧.

**વિવેચન**—અર્થસહિત પ્રથમ આ શ્લોકોનું શ્રવણ અથવા **વાચન**, પછી તેનું **મનન**, ત્યાર પછી તેનો **નિદિધ્યાસ**, અર્થાત્ તે પ્રમાણેજ વર્તન કરતાં પોતામાંજ, આત્માજ અનંત ચતુષ્ટયની કંઇ છાયા દેખાતાં આનંદ થઇ રહેશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને આ શુકલધ્યાનમાંજ મંડ્યા રહેવાથી પરંપરાએ થોડાજ વખતમાં પરમાત્મસ્થિતિ પમાશે. માટે અભ્યાસીએ એટલે આત્માના **અનુભવની** ઇચ્છા રાખનારે, શ્રવણ, મનન ને નિદિધ્યાસ એ ત્રણે અનુક્રમે સાચવવાં જોઇએ–ભા. ક.

હવે અજ્ઞાનીની દશા વર્ણવે છે.

**स्याद्यद्यत्प्रीतयेऽज्ञस्य तत्तदेवापदास्पदम् ।**
**बिभेत्ययं पुनर्यस्मिंस्तदेवानंदमंदिरम् ॥ ४२ ॥**

**અર્થ**—જે જે વસ્તુઓમાં અજ્ઞાનીની પ્રીતિ થાય છે, તે તે વસ્તુઓ ખરૂં જોતાં તેને દુઃખ આપનારીજ હોય છે, પરંતુ જે વસ્તુથી તે બીહે છે, તેજ વસ્તુ તેને આનંદના મંદિરમાં દોરી જનારી છે. ૪૨.

હવે પરમાત્માનું તત્વ ઓળખવાનો પ્રયોગ કહી દેખાડે છે.

**सुसंवृत्तेंद्रियग्रामे प्रसन्ने चांतरात्मनि ।**
**क्षणं स्फुरति यत्तत्त्वं तद्रूपं परमेष्ठिनः ॥ ४३ ॥**

**અર્થ**—ઇંદ્રિયોના સમૂહને તેઓના વિષયોમાં વ્યાપાર કરતા તદ્દન બંધ કર્યા પછી, પ્રસન્ન અંતરાત્મામાં ક્ષણવાર જે તત્વ સ્ફુરે છે, જેનો પ્રતિભાસ થાય છે, તેજ **પરમાત્માનું તત્વ** છે. ૪૩.

**વિવેચન**—અનાદિ કાળથી વિષયોમાંજ પ્રીતિ કરતું આવેલ મન ઇંદ્રિયદ્વારથી વારંવાર બહારજ ખેંચાયા કરે છે. તેને વિષયોમાંથી ખેંચી લીધું હોય તો, ઇંદ્રિયો લોલસાં જેવી માલમ પડે છે. જેમ કેટલીએક ગાયને એક પીઠપર છુટ્ટો પગ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય છે, પરંતુ તે કંઇ ચાલવામાં કામ આવતો નથી, તેમ ઇંદ્રિયો સ્થિર થઈ રહેછે અને મન જ્યારે એમ વિષયમાંથી ખેંચાયું, ત્યારે જરા આરામ પામે છે, જરા શાંતિ અનુભવેછે, અને તેજ ક્ષણે તેને કંઇક અપૂર્વભાવ પોતાના આત્મામાંજ ભાસે છે, આમ સ્થિર મન થતાં જે જણાયછે, તે પરમાત્માનું તત્વ હોય એમ ભાસે છે, પછી જ્ઞાની મહારાજે દીઠું હોય તે ખરૂં.-ભા. ક.

હવે આમતત્વાવલંબીને કોની આરાધના કરવી? તે કહેછે.

**यः सिद्धात्मा परः सोऽहं सोऽहं स परमेश्वरः ।**
**मदन्यो न मयोपास्यो मदन्येन न चाप्यहम्॥४४॥**

અર્થ—જે સિદ્ધાત્મા તેજ હું અને હું તેજ પરમાત્મા; એટલા માટે હુંજ મારો ઉપાસ્ય છું કારણ કે હું મારાથી જુદો નથી. ૪૪.

**વિવેચન**—ઉપરના શ્લોક મુજબ ક્ષણવાર જોતાં જેને પોતાનું તત્વ પ્રતિભાસે છે તે અંતરાત્મા છે. ત્યારે હું એટલે અંતરાત્મા તેજ ઉપાસક છું અને પરમાત્મા ઉપાસ્ય છે, હવે અંતરાત્મામાં સ્ફુરતું તત્વ તેજ પરમાત્મા છે, અને તેની ઉપાસના કરતાં તેજ અંતરાત્મા પરમાત્મા થઈ રહે છે, આમ અંતરાત્માનું પરમાત્મા સાથે એટલે ઉપાસકનું ઉપાસ્ય સાથે અભેદપણું થઈ રહે છે. -ભા. ક.

હવે પરમાત્માની આરાધના કેમ કરવી? તે કહે છે.

**आकृष्य गोचरव्याघ्रमुखादात्मानमात्मना ।**
**स्वस्मिन्नहं स्थिरीभूतश्चिदानंदमये स्वयम् ॥ ४५ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—આ મારા અંતરાત્માવડે વિષયોરૂપી વાઘના મુખમાંથી મારા આત્માને છોડાવીને, આ અંતરાત્માવડેજ મારામાં જણાતા ચિદાનંદમય પરમાત્મામાં પોતાની મેળે સ્થિર થઇને હવે રહું. ૪૫.

હવે આત્માને શરીરથી જે જુદો નથી જાણતો, તે પ્રતિ કહેછે.

पृथगित्थं न मां वेत्ति यस्तनोर्गतविभ्रमः ।
कुर्वन्नपि तपस्तीव्रं न स मुच्येत बंधनैः ॥ ४६ ॥

અર્થ—સઘળા વિભ્રમ છોડી દઇ આપ્રમાણે મને શરીરથી જુદો જે નથી જાણતો, તે મહા કઠણ તપ કરવા છતાં પણ બંધનથી મુકાતો નથી. ૪૬.

હવે તપથી તો મહાક્લેશ થાય છે એમ શંકા કરનારને કહેછે.

स्वपरांतरविज्ञानसुधास्पंदाभिनंदितः ।
खिद्यते न तपः कुर्वन्नपि क्लेशैः शरीरजैः ॥ ४७ ॥

અર્થ—જે સ્વ અને પરના વિશેષ જ્ઞાનરૂપી અમૃતનો આસ્વાદ લઈ પોતાના સ્વરૂપના આનંદમાં લીન છે, તેને શરીરાદિક કષ્ટોવડે થતાં અઘોર તપથી પણ ખેદ થતોજ નથી. ( જેમકે ગજસુકુમારને ) ૪૭.

હવે એવો ખેદ પામનાર આત્માને જાણતો નથી પણ કોણ જાણે છે તે કહેછે.

रागादिमलविश्लेषाद्यस्य चित्तं सुनिर्मलम् ।
सम्यक् स्वं स हि जानाति नान्यः केनापि हेतुना॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—રાગ ને દ્વેષરૂપી મેલ તદ્દન નીકળી ગયાથી જેનું ચિત્ત સ્ફાટિક જેવું અત્યંત સ્વચ્છ થઇ ગયું છે, તેજ યથાર્થ રીતે પોતાના આત્મતત્વને જાણે છે. પરંતુ તે વિના બીજો કોઇ, કોઇ પણ ઉપાયે તેને જાણી શકતો નથી. ૪૮.

વિવેચન—પ્રિય વાંચનાર, યાદ રાખજે કે રાગદ્વેષ પરવસ્તુને લીધે થાય છે, તો પરવસ્તુ છોડતો જા, એટલે રાગદ્વેષ ઓછા થશે અને તેટલે અંશે તું હળવો, સ્વચ્છ થતો જઇશ; અને વિશેષ ત્યાગે આરંભમાં વિશેષ લાભ છે, પરંતુ અંતે મધ્યસ્થ થઇ ત્યાગ ગ્રહણ છોડી દેજે એટલે બસ તારૂં તત્વ તારી પાસે હાજર છે.-ભા. ક.

હવે તત્વ તે શું તે ટુંકામાં જણાવી દેછે.

निर्विकल्पं मनस्तत्त्वं न विकल्पैरभि द्रुतम् ।
निर्विकल्पमतः कार्यं सम्यक् तत्त्वप्रसिद्धये ॥४९॥

અર્થ—નિર્વિકલ્પ મન એજ આત્મતત્વ અને તે નાના પ્રકારના વિકલ્પથી પીડાએલું હોય, ત્યારે આત્માભ્રાંતિ, માટે મનને નિર્વિકલ્પ કરવું, કારણકે તેથીજ આત્માનું સમ્યક્ તત્વ પ્રગટ થાય છે. ૪૯.

વિવેચન—આત્મા જે નાના પ્રકારના વિકલ્પો કરે છે, તે સઘળા મનવડે થાય છે, પરંતુ જ્યારે તે વિકલ્પો છોડી દે એટલે મન પણ લુલું થઇ ઉલું રમે છે. આમ વિકલ્પો છુટ્યા પછી પોતે, તેજ પોતે, શાંત, નિષ્ક્રિય, આનંદમય, પ્રતિભાસે છે.-ભા. ક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે કોણ તત્વને જુએ છે ને કોણ નથી જોતો તે કહેછે.

अज्ञानविप्लुतं चेतः स्वतत्त्वादपवर्तते।
वेज्ञानवासितं तद्धि पश्यत्यंतःपुरे प्रभुम्॥५०॥

અર્થ—અનાદિ કાળથી અજ્ઞાનમાં મુંઝાઇ ગએલું ચિત્ત આત્મતત્વથી પાછું હઠે છે. પરંતુ તેજ ચિત્ત જ્ઞાનવાસનાથી ઘટમંદિરમાં રહેલા પ્રભુને જુએ છે. ૫૦.

કદાચ પૂર્વના મોહના ઉદયથી રાગ દ્વેષવડે મન હણાય તો, શું કરવું તે કહેછે.

मुनेर्यदि मनो मोहाद्रागाद्यैरभिभूयते।
तन्नियोज्यात्मनस्तत्त्वे तानेव क्षिपति क्षणात्॥५१॥

અર્થ—કદાચ મુનિનું મન મોહને લીધે રાગદ્વેષવડે પરાભવ પામે, તો તેને આત્મતત્વ સાથે જોડવું એટલે તે રાગદ્વેષને તેજ ક્ષણે છોડી દેશે. ૫૧.

**વિવેચન**—આ યુક્તિ બહુજ ઉત્તમ છે; કારણકે આ યુક્તિથી મોહરાજ, તેના પ્રધાન રાગદ્વેષ, તેના સુભટો કામ, ક્રોધાદિ એ સર્વેનો પરાભવ થઇ જાય છે. કારણકે આત્મા પરને છોડી પોતાના સ્વરૂપમાં પેઠો કે, પ્રિય વાંચનાર, પેહેલાંજ તેનું **વીર્ય** સ્ફુરે છે. એ વીર્યને જોતાંજ મોહને ખેપટીઆં મૂકી નાસવું પડેછે; પોબારા ગણવા પડે છે કારણકે એ પોતાના સ્વરૂપમાં ગયો એટલે એને પરવસ્તુમાં રસ કે મુર્ચ્છા રહી નહિ એટલે બીચારાં રાંકડાં મોહિનીનાં કર્મ આ વીર્યવાનને શું કરી શકે? ૫૧.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે પર વસ્તુમાંથી રતિ જવાનો માર્ગ દેખાડે છે.

यत्राऽज्ञात्मा रतः काये तस्माद् व्यावर्तितो धिया ।
चिदानंदमये रूपे योजितः प्रीतिमुत्सृजेत् ॥ ५२ ॥

અર્થ—જે કાયામાં અજ્ઞ આત્મા રત થયો હોય, ત્યાંથી બુદ્ધિથી તેને છોડાવવો, અને તેથી ઉત્તમ કાયા જે પોતાનું ચિદાનંદમય સ્વરૂપ છે, તેની સાથે અંતરાત્માવડે આત્માને જોડવો, એટલે પૂર્વની પ્રીતિ છુટી જશે. ૫૨.

અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ જ્ઞાનથી નાશ પામે છે.

स्वविभ्रमोद्भवं दुःखं स्वज्ञानेनैव हीयते ।
तपसाऽपि न तच्छेद्यमात्मविज्ञानवर्जितैः ॥ ५३ ॥

અર્થ—આત્મવિભ્રમથી ઉત્પન્ન થએલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે, પરંતુ જેને આત્મજ્ઞાન નથી એવા પુરૂષો તપથી પણ તે દુઃખનો નાશ કરી શકતા નથી. ૫૩.

તપસ્યા વગેરે કરી અંતરાત્મા તથા બહિરાત્મા શું ઇચ્છે છે?

रूपायुर्बलवित्तादिसंपत्तिं स्वस्य वांछति ।
बहिरात्माऽथ विज्ञानी साक्षात्तेभ्योऽपि विच्युतिम् ।

અર્થ—બહિરાત્મા તપ કરી એવું ઇચ્છે છે કે સારૂં રૂપ, લાંબી આવરદા, ઘણું ધન, બળ વગેરે સંપત્તિ મને મળો, અને અંતરાત્મા એટલે જ્ઞાની એમ ઇચ્છે છે કે હું એઓથી કેમ મુકાઉં? ૫૪.

હવે અજ્ઞાની બંધાય છે ને જ્ઞાની છૂટે છે, તેવું બતાવે છે.

कृत्वाऽहंमतिमन्यत्र बध्नाति स्वं स्वतश्च्युतः ।
आत्मन्यात्ममतिं कृत्वा तस्याऽज्ञानी विमुच्यते ५५

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—પરમાં અહંબુદ્ધિ કરવાથી પોતાના શુદ્ધ સ્વરૂપથી પડી જઇ કર્મ બંધન થાય છે, અને પોતાના આત્મામાં આત્મબુદ્ધિ કરવાથી જ્ઞાની પરવસ્તુથી[1] ખસી જઇ, પોતામાં આવી, કર્મબંધનથી મૂકાય છે. ૫૫.

અજ્ઞાની આત્માને સ્ત્રી, પુરૂષ, નપુંસક વેદવાળો જાણેછે અને જ્ઞાની તેને જ્ઞાનદર્શનવાળો જાણેછે.

आत्मानं वेत्त्यविज्ञानी त्रिलिंग-संगतं वपुः ।
सम्यग्वेदी पुनस्तत्त्वं लिंगसंगतिवर्जितम् ॥ ५६ ॥

અર્થ—સ્ત્રી, પુરુષ, ને નપુંસક એવા ત્રણ ભેદ જે શરીરને છે, તે અજ્ઞાનીને પોતાના છે એમ જણાય છે, પરંતુ જ્ઞાનાદિ એજ જેને વેદ છે એવો સમ્યક્ તત્ત્વવેદી જ્ઞાની, પોતાને એ ત્રણેથી રહિત જાણે છે. ૫૬.

આવું જ્ઞાન છતાં જ્ઞાની કોઈ વેળા કેમ ભૂલી જાયછે?

समभ्यस्तं सुविज्ञातं निपीतमपि तत्त्वतः ।
अनादिविभ्रमात्तत्त्वं प्रस्खलत्येव योगिनः ॥ ५७ ॥

અર્થ—તે તત્વ સારી રીતે જાણેલું હોય, જાણ્યા પછી તેનો રૂડી પ્રકારે અભ્યાસ કરેલો હોય, તે પ્રમાણે વર્તન પણ સારે પ્રકારે કર્યું હોય, તે છતાં અનાદિ કાળના વિભ્રમથી યોગીનું તત્વ પણ પોતાના સ્વતત્વથી ખસી જાય છે. અર્થાત્ તેને પણ હું સ્ત્રી છું, પુરૂષ છું એવી ભૂલ કોઈ કોઈવાર થઇ જાયછે. ૫૭.

૧ કારણ કે પરને બાઝી રહેવાથી કર્મ બંધાયછે, ને છોડી દેવાથી છૂટેછે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે તેને શી રીતે તજાય તે કહેછે.

**अचिदृश्यमिदं रूपं न चिदृश्यं ततो वृथा।**
**मम रागादयोऽर्थेषु स्वरूपं संश्रयाम्यतः ॥ ५८ ॥**

અર્થ—આ ત્રિલિંગી દેહાદિ જડ છે, તે દૃશ્ય છે અને ચેતનમય હું તે અદૃશ્ય છું, તે કાંઇ દૃશ્ય થતો નથી, તે છતાં રાગાદિ મને જે થાયછે, તે જડ એવા દેહાદિ વિષયોમાં થાયછે, માટે મારા પોતાના સ્વરૂપનેજ અવલંબીને રહું તેજ ઠીક છે. ૫૮.

હવે અજ્ઞાનીને અને જ્ઞાનીને ગ્રહણ કરવા જોગ તથા ત્યાગ કરવા જોગ શું છે તે કહેછે.

**करोत्यज्ञो ग्रहत्यागौ बहिरंतस्तु तत्त्ववित्।**
**शुद्धात्मा न बहिर्नांतस्तौ विदध्यात्कथंचन ॥५९॥**

અર્થ—મૂઢ, વિષયોમાં પ્રીતિ થાય એટલે તેને ગ્રહણ કરે, પછી તેમાંજ અરૂચિ થતાં તેનોજ ત્યાગ કરે; અંતરાત્મા જેણે તત્વને જાણ્યું છે, તે રાગાદિનો ને નાનાપ્રકારના વિકલ્પોનો ત્યાગ કરે, અને તે પોતામાં રહી પરમસ્વરૂપને ગ્રહણ કરે, અને શુદ્ધાત્મા બાહિર, આંતર, ગ્રહણ કે ત્યાગ કંઇ કરતોજ નથી. ૫૯.

હવે અંતરાત્મા આંતર ત્યાગ અને ગ્રહણ કેવી રીતે કરેછે ?

**वाक्कायाभ्यां पृथक्कृत्वा मनसात्मानमभ्यसेत्।**
**वाक्तनुभ्यां प्रकुर्वीत कार्यमन्यन्न चेतसा ॥ ६० ॥**

અર્થ—વાણી ને કાયાથી આત્માને છુટો કરી ફક્ત મનથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્માનું ધ્યાન કરવું, અને તેજ મનવડે વાણીનાં અને શરીરનાં કોઈ પણ કામો ન કરવાં.[1] ૬૦.

---

૧ આ શ્લોકરત્ન આત્મ–અભ્યાસીને બારાક્ષરી (બારાખડી) રૂપ છે. માટે પ્રિય વાંચનાર, જો તને આત્માની ખબર ન હોય તો, આ શ્લોકને વારંવાર **વાંચ** અથવા **સાંભળ,** આના અર્થનું વારંવાર **મનન** એટલે ચિંતન કરી મનમાં ખૂબ બેસાડ, અને ત્યાર પછી, મન કેમ વશ કરવું તેનો એક ઉપાય નીચે પ્રમાણે કર.

અનુક્રમ એવો છે કે, કાયા, વાણી ને મન. જો કોઈ અશુભમાં પ્રવર્તતાં હોય, તેને શુભમાં પ્રવર્તાવવાં એટલે એવી ટેવ કાયા, વાણી ને મનને પડ્યા પછી, મન પ્રસન્ન થશે અને તે પ્રસન્ન થયું કે મનવડે કાયા ને વાણીથી આત્માને છુટો કરવો. પછી તેજ પ્રસન્ન મનવડે આત્માને પોતાના ઘરમાં ખોળવો. આમ જ્યારે બીજા સર્વ વિચાર છોડી દઇ કેવળ પોતાના શુદ્ધ ચૈતન્યનોજ તે અભ્યાસ કરશે, તો ક્ષણવાર જ્યારે મન સ્થિર થઇ જશે કે તેને **આત્મલાભ** થશે, પરંતુ મનને જેને અશુભમાંથી કાઢવું નથી તેને આ અભ્યાસ વ્યર્થ છે. પરંતુ જો શુભમાં પ્રવર્તાવવું હોય તો કાયા, વાણી ને મનની પવિત્રતા કરવી. અને એ પવિત્ર થવાના અનેક માર્ગમાં એક માર્ગ આ છે કે મૈત્રી, કરૂણા, પ્રમોદ અને મધ્યસ્થ એ ચાર ભાવનાનો ખૂબ અભ્યાસ કરવો. જેમ બાર વ્રતધારી હમેશાં નિયમ લઇ સંક્ષેપે છે, તેમ તેને સાંજસવાર સકલ જંતુપર સમાનભાવરૂપ **મૈત્રી,** તે દિવસે રહી કે ન રહી, પોતાથી દ્રવ્યે કે વિદ્યાએ હિન હોય તેના ઉપર **કરૂણા** રહી યા નહીં, પોતાથી દ્રવ્યે વા વિદ્યાએ વધારે હોય તેને જોઈ પોતાને આનંદ થયો યા નહીં, અને અત્યંત અનાચાર સેવનાર ઉપર પણ દ્વેષ નહીં આવતાં પોતે **મધ્યસ્થ** થઇ રહ્યો યા નહીં. આમ રોજ અભ્યાસ કરતાં અધર્મ જઇ ધર્મ, અશુભ જઇ **શુભમાં** એટલે સામાયક, પૂજા, જ્ઞાનાભ્યાસ વગેરે પ્રવૃત્તિ કરવાને મન સત્વર તૈયાર થશે. અને શુભક્રિયામાં ગયા પછી મનને સ્થિર થતાં વાર

અંતરાત્માને કયાં વિશ્વાસ ને કયાં આનંદ છે, અને
બહિરાત્માને કયાં છે તે દેખાડે છે.

विश्वासानंदयोः स्थानं स्याज्जगदज्ञचेतसाम् ।
क्वानंदः क्व च विश्वासः स्वस्मिन्नेवात्मवेदिनाम् ॥६१॥

**અર્થ**—જેણે આત્માને નથી જાણ્યો તેનેજ આ જગતમાં આનંદ, અને વિલાસ રહેછે, પરંતુ જેને પોતાને વિષેજ પોતાના **આત્માની** ખબર છે, તેને આત્મા સિવાય કયાં આનંદ અને કયાં વિશ્વાસ! ૬૧.

---

નથી કારણકે વિશેષે કરી મનની સઘળી ચંચળતા અશુભ પ્રવર્તનને લીધે હોય છે, માટે અશુભને દૂર કરી શુભને ગ્રહણ કરવું અને શુભ ગ્રહણ કર્યા પછી અત્યંત **શુદ્ધ** એવા **આત્માનેજ** છેવટે મનથી ધ્યાવવો. આ સૂચના યથાર્થ લખી શકાઇ નથી, પરંતુ જે બાંધવોની ઇચ્છા હોય તેણે મને મળવું, તો હું કંઇક મને ખબર છે તેવો માર્ગ દેખાડીશ. પરંતુ તેમાં પેહેલી સરત તો એ છે કે, તેણે માયાને છોડી કેવળ **સરળ** થઇ જવું. જે બાંધવો પત્ર લખશે તેને પણ ઉત્તર બનતાં સુધી મારી શક્તિપ્રમાણે આપીશ. પરંતુ મારાં બાંધવોને મારી વિનતિ એ છે કે વિદ્વત્તાને ખાતર જો પૂછવાની જરૂર રાખતા હો, તો ફાયદાનો સંભવ ઓછો છે, પરંતુ પરિણતિ સુધારવા ઇચ્છા હોય તો **સરળ** થઇ જવાની અત્યંત આવશ્યકતા છે. ઉપર જણાવેલી ચાર ભાવનાને મન, વચન ને ક્રિયાથી સેવનારને કષાય તો તીવ્રપણે રેહેતાજ નથી. એમ એ ભાવનાનો અભ્યાસ કરતાં થોડાજ દહાડામાં માલમ પડી આવશે. અને આજ ભાવનાને વિશેષ સેવતાં પોતાની જાડી બુદ્ધિપ્રમાણે પણ પોતાને અનુક્રમ માલમ પડતો જશે કે **ક્રોધની** જગોએ **ક્ષમા, માનની** જગોએ **નમ્રતા, માયાની** જગોએ **સરળતા,** ને લોભની જગોએ **સંતોષ,** આ ચાર એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિવેચન—આ જગત્ એટલે ધન, ધાન્ય, છોકરાં, કુટુંબ વગેરે. હવે તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ને ભાવથી અનુક્રમે જરા જુઓ અને તમારા આત્માને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી જુઓ કે ક્યાં વિશ્વાસ ને ક્યાં આનંદ છે? એક ઉદાહરણ તરીકે જોઈએ તો પુત્રપ્રાપ્તિ વખતે વાજાં વગડાવી સુખ માનનારને તેનાજ મરણ વખતે જે દુઃખ થાયછે, તે વખતે પ્રથમના સુખ કરતાં પણ દુઃખ વધારે જણાશે. તો જેમાં સુખનો વિશ્વાસ રાખ્યો હતો, તેણેજ દગો દીધો એમ માણસો વાત પણ કહેછે, પરંતુ પોતાના આત્મામાં વિશ્વાસ રાખ્યો હોત, ને તેને કર્મથી છોડવી, સુખ આપવા માંડ્યું હોત તો કેવું ઠીક થાત; કારણ અનેક જન્મ થયા તોપણ તમે જુઓ

---

ક્ષમા, નમ્રતા, સરળતા ને સંતોષ એ પ્રાપ્ત થશે. એમ થતાં થોડા કાળમાં **સમ્યક્ત્વ** કે આંતરાત્મપણું આવશે ને બહિરાત્મભાવ કે મિથ્યાત્વપણું પલાયન કરવા માંડશે. ઉત્તરોત્તર વિશેષ અભ્યાસથી, અવૃત્તિપણું છોડી વૃત્તિ થશે, વૃત્તિપણામાંથી તેનાજ વિશેષ અભ્યાસ કરતાં સર્વ વૃત્તિ અવસ્થા અનુભવશે. અને પોતાને અંતરમાં એમ દેખાતું જશે કે હવે તો માત્ર મને બહુજ પાતળા ક્યાંય દેખાય છે, અને વિશેષ ભાગે તો ક્ષમા, નમ્રતા, સરળતા કે સંતોષજ રહેછે, તો પછી તેને ઘણોજ લાભ આ કાળમાં થયો એમ સમજાશે. પરંતુ આ વખતે પણ, હવે હું ઠીક છું, એમ કરી તેનું પણ માન ન ચડાવવું, કારણકે આ લેખકને કષાય ત્યાગ કરવાનો કષાય ચડતો હતો, તે આશરે છએક મહિને ખબર પડી, માટે કષાયના ત્યાગનો કષાય ન આવે તેની પણ સાથે સંભાળ રાખતાં જવી. તો **ચારિત્ર** જે આત્મા પોતેજ છે. તે એને ક્ષયોપશમ પ્રમાણે જણાશે, ને ત્યાં એટલે પોતાના સ્વભાવમાં રમણતાથી તેને આનંદ થશે—ભા. ક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો ખરા કે તમને છોડીને તમારો આત્મા કયાં ગયો ? તમારી સાથેનો સાથેજ છે, પરંતુ તમે તેની અવગણના કરો, તેમાં કંઇ વિશ્વાસજ ન રાખો, એતો જાણે ઘરમાં કોઇ છેજ નહીં, કાંઈ લેખાનોજ નહિ એમ કરો તોપણ તે એવો છે કે તે તમને છોડી જતો નથી, માટે તેમાં વિશ્વાસ રાખો, તો તે તમને બચાવશે. જેને સુખ સુખ કરી રહ્યા છો, તે વિપાકે દુઃખ છે પરંતુ આ તો તમને દુઃખમાંથી મુક્ત કરી આનંદમંદિરમાં લઇ જશે. તેમ બીજી સંસારી વસ્તુને આત્મા સાથે ચારે રીતે તપાસતાં સહજ માલમ પડશે, કે વિશ્વાસસ્થાન અને આનંદસ્થાન તો આત્માજ છે.

ત્યારે અંતરાત્માએ આહારાદિ પણ શું ન કરવાં?

**स्वबोधादपरं किंचिन्न स्वांते विभृयात्क्षणम् ।**
**कुर्यात्कार्यवशात्किंचिद्वाक्कायाभ्यामनावृतः ॥ ६२ ॥**

અર્થ—ચિત્તમાં આત્મજ્ઞાન શિવાય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાં રમણતા શિવાય બીજું કાંઇ પણ કાર્ય ક્ષણવાર પણ ન કરવું અને કદાચ આહાર, વિહાર ઉપદેશાદિ કોઇ કાર્ય કરવાં પડે, તો તે કરવાં, પણ મનથી જાણે લેપાયા વિના વાણી ને કાયાથી કરવાં. ૬૨.

**વિવેચન**—કાયા વાણીને પ્રભુપૂજનમાં પ્રવૃત્ત કરવાની ટેવ પાડ્યા પછી એક વખતે પૂજા કરતાં મનથી પ્રભુના જ્ઞાનાદિ ગુણોને જોતાં અને તેનેજ પોતાના શુદ્ધ ચૈતન્ય સાથે સરખાવતાં છેવટે ક્ષણવાર અભેદ અનુભવ થયો. આ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સપાસ ઉભેલાં બીજાઓને પણ તેની શુભ છાયાથી ગુણો થયા હોય એમ જણાયું. ભા. ક.

અંતરાત્માએ આત્મજ્ઞાનનેજ શામાટે ધારવું ? તે કહેછે.

**यदक्षविषयं रूपं मद्रूपात्तद्विलक्षम् ।**
**आनंदनिर्भरं रूपमंतर्ज्योतिर्मयं मम ॥ ६३ ॥**

અર્થ—આ ઇંદ્રિયોથી જે જણાયછે, તે મારાથી તદન જુદા લક્ષણવાળું છે. કારણ કે એ જડ અને હું ચેતન. પરંતુ મારૂં સ્વરૂપ તો આનંદથી પરિપૂર્ણ ભરેલું, અંતર્જ્યોતિમય એટલે જ્ઞાનપ્રદીપ સમાન છે. ૬૩.

**વિવેચન**—આ અભ્યાસ બહિર્મુખ દૃષ્ટિ ગઈ હોય અને અંતર્મુખ દૃષ્ટિ થઈ હોય, તેવા અંતરાત્માને કરવાનો છે, બાકી બીજાઓએ તો અશુભ તજી શુભમાં પ્રવર્તી કરવી. પછી એજ શુભથી શુદ્ધમાં પ્રવૃત્તિ કરવાને મદદ મળશે.

હવે ઇન્દ્રિયોનો નિરોધ કર્યા છતાં આત્મઅભ્યાસીને
દુઃખ કેમ થાયછે ? તેનું કારણ કહેછે.

**अंतर्दुःखं बहिःसौख्यं योगाभ्यासोद्यतात्मनाम् ।**
**सुप्रतिष्ठितयोगानां विपर्यस्तमिदं पुनः ॥ ६४ ॥**

અર્થ—યોગ એટલે આત્મા તેનો અભ્યાસ કરનારને પ્રથમ તો અંતરમાં કંઇક દુઃખ અને બાહ્ય સુખ માલૂમ પડશે; પરંતુ સારી રીતે આત્મામાં પ્રવેશ થયા પછી એથી વિપરીત એટલે બાહિર દુઃખ ને આંતર સુખ માલૂમ પડશે. ૬૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**વિવેચન**—કેમકે જેને અંતરસુખની ખબર નથી અને બહારનાં વિષયસુખ અનાદિ કાળથી ભોગવતો આવ્યો છે. તેથી બહારના વિષયોને છોડતાં, તે દુઃખ અનુભવે છે. કારણકે માંહેતો તેને પેહેલું અંધારૂ લાગે છે. પરંતુ સવીર્ય થઈ બહાર વસ્તુનો ત્યાગ કરતાં કરતાં, અંતરમાં વિશેષ પ્રવેશ કરતાં અંતર આનંદ અને બહાર દુઃખજ પછીથી તેને ભાસશે.

હવે આત્મભાવના શી રીતે કરવી તે કહેછે.

तद्विज्ञेयं तदाख्येयं तच्छ्राव्यं चिन्त्यमेव वा ।
येन भ्रांतिमपास्योच्चैः स्यादात्मन्यात्मनः स्थितिः॥६५॥

અર્થ—આત્માનેજ જાણવો, આત્મા વિષેજ ચર્ચા કરવી, તેનીજ વાત કરવી, તેનોજ વિચાર કરવો, જેથી સઘળી ભ્રાંતિ જતી રહે અને આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ પામે. ૬૫.

હવે વિષયોમાં એવું કંઈ નથી કે જે આત્માને હિતકારક હોય છે.

विषयेषु न तत्किञ्चित्स्याद्धितं यच्छरीरिणाम् ।
तथाप्येष्वेव कुर्वन्ति प्रीतिमज्ञानयोगिनः ॥ ६६ ॥

અર્થ—વિષયોમાં એવું કંઇ નથી કે જે આત્માને હિતકારક હોય તે છતાં અજ્ઞાની તેમાંજ પ્રીતિ કરી રહ્યો છે. ૬૬.

મૂઢને આ વાત કહેવી વ્યર્થ છે એમ બતાવે છે.

अनाख्यातमिवाख्यातमपि न प्रतिपद्यते ।
आत्मानं जडधीस्तेन वंध्यस्तत्र ममोद्यमः ॥ ६७ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—જેની બુદ્ધિજ જડ થઈ ગઈ છે, તેવાને આત્મસ્વરૂપ કહેવાથી તે જાણતો નથી, તેમજ ન કહેવાથી પણ તેને સૂઝે એમ નથી, માટે એવા જડબુદ્ધિને ખાતરી કરાવવાને મેહેનત કરૂં તો એમાં મારી મેહેનતજ વાંઝણી રહે. ૬૭.

વળી તેજ વિશેષે કરી કહેછે.

तन्नाहं यन्मया किंचित्प्रज्ञापयितुमिष्यते ।
योऽहं न स परग्राह्यस्तन्मुधा बोधनोद्यमः ॥ ६८ ॥

અર્થ—જે કંઇ મને જણાવવાની ઇચ્છા થઇ છે, તે હું નથી, કારણ કે જે હું છું, તે બીજાથી ગ્રાહ્ય નથી; એટલામાટે હવે મારે બોધ કરવાની મેહેનતજ વ્રથા છે. ૬૮.

વિવેચન—આત્મસ્વરૂપ વિકલ્પોમાં આવે નહિ, કારણકે વિકલ્પો મનવડે થાય છે અને મન છે તે જડ છે. માટે સ્વપરનું વિવેચન ખૂબ કરતાં કરતાં જ્યારે મન સ્થિર થઇ જરા અલગ રહ્યું કે સ્વરૂપનો પ્રતિભાસ પોતાનેજ થાય છે. એટલા માટે શાસ્ત્રકારો વારંવાર કહે છે કે એ સ્વસંવેદ્ય એટલે પોતાથીજ જણાય એવો છે.—ભા. ક.

વળી તેજ વાત વિસ્તારપૂર્વક કહેછે.

निरुद्धज्योतिरज्ञोऽतः स्वतोऽन्यत्रैव तुष्यति ।
तुष्यत्यात्मनि विज्ञानी बहिर्विगतविभ्रमः ॥ ६९ ॥

અર્થ—મૂઢને આત્મજ્યોતિ ઘણી આચ્છાદિત હોવાથી આત્માને છોડી પરવસ્તુમાંજ તે સંતોષ પામે છે અને જ્ઞાનીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મતત્વમાંજ સંતોષ રહે છે, કારણકે બાહેર વસ્તુમાં મારા-પણાનો ભ્રમ હવે તેને જતો રહ્યો છે. ૬૯.

આ ભવો કયાં સુધી છે અને કયારે મોક્ષ છે ! તે હવે કહે છે.

यावदात्मेच्छयाऽदत्ते वाक्चित्तवपुषांव्रजम् ।
जन्म तावदमीषां तु भेदज्ञानाद्भवच्युतिः ॥ ७० ॥

અર્થ—જ્યાંસુધી મન, વાણી અને કાયાને આત્મા ઇચ્છા-પૂર્વક ગ્રહણ કરે, ત્યાંસુધી તેને જન્મમરણ છે અને એક તરફ મન, વાણી ને કાયા, અને બીજી તરફ હું શુદ્ધ ચૈતન્ય એવું યથાર્થ ભેદજ્ઞાન થયું કે મોક્ષ. ૭૦.

વિવેચન—કાયાથી જે ક્રિયા કરે, વચનથી જે બોલે, અને મનથી જે વિચારે, તે બધામાં એમ જાણે કે હું કરૂં છું, હું બોલું છું, હું વિચારૂં છું, ત્યાંસુધી તે સંસાર છે. અને કાયા, વાણી ને મન, જે ક્રિયા કરે, તેનો હું તો સાક્ષી (જેમ ઘરમાં દીવો સાક્ષી હોય છે તેમ) માત્ર છું. આમ કરી નવા બંધનમાં ન પડતાં પોતાના શુદ્ધસ્વરૂપમાં રહે, તો પરંપરાએ મોક્ષ. તે એમ કે કાયા, વાણી ને મન, તેમજ તેઓની મદદથી થતાં સર્વ કાર્યો એ હું નથી અને મારાં તે નથી, હું તો શુદ્ધ, નિષ્ક્રિય, ચિદાનંદમય આત્મસ્વરૂપ છું પરંતુ તેમાં ક્રમ એવો છે કે, અશુભ ક્રિયામાં પ્રવર્તતાં, કાયા, વાણી ને મનને શુભ ક્રિયામાં પ્રવર્તાવવાં અને જ્યારે એ ત્રણે શુભ ક્રિયામાં પ્ર-વર્તવા લાગ્યા અને અશુભ ક્રિયામાં જવાની એ ત્રણેની ટેવ ભાંગી પડી, કે રફતે રફતે મનોવર્ગણાની સહાયથી શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરાવવું. તેનુંજ ચિંતન કરતાં કરતાં ક્ષણવાર

મન સ્થિર થઈ જશે; અને એ સ્થિર થયું કે **આનંદમય, જ્ઞાનમય,** પ્રતિભાસ થશે. તથાપિ અનાદિકાળના, અજ્ઞાનના સહચારીપણાથી તેની સ્થિતિ ઝાઝો વાર ટકશે નહિ, તેથી એ સ્થિતિનો વારંવાર અભ્યાસ કરી, એ જ્ઞાનસંસ્કાર વધારવો, અને છેવટે એટલે સુધી કે, એ જ્ઞાનસંસ્કાર જાગૃતમાં તો જારી રહે, પણ સ્વપ્નમાં પણ જારી રહે. આવો જ્ઞાનસંસ્કાર દૃઢ થતાં, પરંપરાએ થોડાજ ભવમાં કે તેજ ભવમાં મોક્ષ થાય. કારણકે આવો જ્ઞાનસંસ્કાર થતાંજ પ્રતીતિ કરાવે છે કે, આ ભવો ચાલવા માંડ્યા, આ ચાલ્યા, આમ અનાદિ અજ્ઞાનસંસ્કાર જઇ જ્ઞાનસંસ્કાર રહે અને તે પણ અતિ તીવ્ર હોય, તો એવા જડ ભવના શા ભાર છે ? ભા. ક.

હવે શરીરાદિ જાડાં હોવાથી પોતે જાડો નથી એમ વાત કહે છે.

जीर्णे रक्ते घने ध्वस्ते नात्मा जीर्णादिकः पटे ।
एवं वपुषि जीर्णादौ नात्मा जीर्णादिकस्तथा ॥७१॥

અર્થ—શરીરે પેહેરેલું લુગડું ફાટેલું હોય, લાલ હોય, જાડું હોય, જુનું હોય, તેથી કંઇ શરીર જાડું, પાતળું કહેવાય નહિ, તેમજ શરીર, જાડું, પાતળું હોય, તેથી કંઈ આત્મા જાડો, પાતળો, ફાટેલો, લાલ એમ કહેવાય નહિ. ૭૧

હવે અંતરાત્મામાં મુક્તિની યોગ્યતા આવી કે નહિ તેની પરીક્ષા.

चलमप्यचलं प्रख्यं जगद्यस्यावभासते ।
ज्ञानयोगक्रियाहीनं स एवास्कंदते शिवम् ॥ ७२ ॥

અર્થ—આ હાલતું ચાલતું ચલ એવું જગત્ પણ જેને

મેરૂના સરખું અચલ લાગે છે; જ્ઞાનવગરનું, તેમજ મન, વચન ને કાયાની ક્રિયાવગરનું જડ જેવું લાગે છે, તેજ શિવ એટલે આનંદમય મોક્ષને પામે છે. ૭૨.

વિવેચન—જેમ દોરીસંચાથી ચાલતાં પુતળાંને સમજુ તો એમ જાણે કે તેમાં જીવ નથી; તેમજ કર્મરૂપ દોરીસંચાથી ચાલતું આ જગત્ જડ છે, તો જડપ્રતિ રાગ દ્વેષ શો? કોઈ દોરીસંચાનું પુતળું તમને કદાચ લાકડી લગાવે, કે તમને પંપાળે, તે શું તમારે પણ તેમજ કરવું? તેમાં તો ઉલટી મૂર્ખાઇ જણાશે. માટે આ કર્મરૂપ દોરી સંચાથી ચાલતાં આખા જગત્ ઉપર પણ કંઇ રાગ દ્વેષ કરવા જેવું નથી.—ભા. ક.

વિશેષ—જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ફેર માત્ર આટલોજ છે, પરંતુ આ દૃષ્ટિ થવામાંજ કઇ પરિપૂર્ણ આનંદ માની લેવો નહિ. જેમ એ પુતળાં જીવતાં છે, એમ ભૂલી જવાય છે, તેમજ આ જગત્ જડ છે એટલું જરાવાર રહી પાછું પોતેજ હાલતું ચાલતું મનાય, તો બંધનનો સંભવ રહે, પણ કર્મના દોરીસંચાથી હાલે ચાલે છે, એ વાત ન વિસરાય, એવુંજ જો વિશેષ કાળસૂધી જાગૃતમાં, તેમજ સ્વપ્નમાં પણ બન્યું રહે, તો રાગ દ્વેષ થવાનો સંભવ નથી. અને રાગ દ્વેષ ન થવા એજ વિતરાગતા, પછી જે અંશે રાગ દ્વેષ ન હોય તે અંશે વિતરાગપણું હોય. કારણકે કર્મ ચોંટે છે રાગ દ્વેષથી અને જ્યારે રાગદ્વેષ થતા નથી, ત્યારે ચોંટે તે કેમ? કર્મને પોતામાં કંઇ ચીકાસ નથી, રાગ દ્વેષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એજ ચીકાસ છે, ને તેને લીધે કર્મ ચોંટે, જો રાગ દ્વેષ ગયા તો પૂર્વના કર્મને ખરવું પણ જોઇએ. પરંતુ આ દશા જેટલે અંશે હોય, તેટલે અંશે જુના કર્મની નિર્જરા અને નવાંનું રોકાઇ જવું થાય છે. માટે રાગદ્વેષ રહિત થવાની સ્થિતિ વધારવી. એટલે આ જગતને કર્મને વશ જાણી, દોરીસંચાથી હાલતું ચાલતું પણ પોતે તો જડજ છે એમ જાણવું. કર્મરૂપી દોરીથી ચાલતાં જડ પુતળાંઉપર રાગદ્વેષ કરવો એ મૂર્ખાઇ નહિ તો બીજું શું? માટે તેજ પ્રમાણે મનમાં દૃઢ સમજી રાખવું અને વર્તન પણ તેમજ રાખવું–ક. રા. ર તથા ભા. ક.

હવે બંધનથી ક્યાંસૂધી મુકાતો નથી તે કહેછે.

तनुत्रयावृतो देही ज्योतिर्मयवपुः स्वयम् ।
न वेत्ति यावदात्मानं क्व तावद्बंधविच्युतिः ॥ ७३ ॥

અર્થ—આ ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરથી વિંટાયલા પોતાના જ્ઞાનમય આત્માનો જ્યાંસૂધી બોધ નથી, ત્યાંસૂધી કર્મબંધનથી પોતે કેમ મૂકાય? ૭૩.

વિવેચન—એ ત્રણે શરીર, તે હું જ્યાંસૂધી મનાય, ત્યાંસૂધી બંધનથી ન મૂકાય અને બંધનથી ન મૂકાય ત્યાંસુધી ભવોભવમાં ભટકવું કેમ અટકે? માટે એ ત્રણેવતી થતી ક્રિયામાં હુંપણું નહિ રાખવું; અને તે બે રીતે બને, એક તો પોતાને પોતાના આત્મસ્વરૂપની ખબર હોય તો, તેપ્રમાણે વર્તવું, અથવાતો જેને પોતાના આત્મસ્વરૂપની ખબર છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને શરણે જઇ પોતાનું વર્તન તેના કહ્યા મુજબ ચલાવવું. તો તે પ્રમાણે વર્તાય. તેમાં પણ વિશેષ કરી કાર્મણ શરીરનો વિચાર કરવાનો છે, એટલા માટે કે, તેજસ અને ઔદારિકનું પણ એ કારણ છે; અને જ્યાંસુધી જીવ સંસારી છે, ત્યાંસુધી તેનાથી તે જતું નથી. તેને પણ ઉપર દેખાડેલા બે પ્રકાર અને ત્રીજા આ શ્લોકથી પેહેલાના શ્લોકમાં તથા તેનાજ વિસ્તારરૂપે તેના વિવેચનમાં જણાવેલા ઉપાય પણ લાગુ પાડવા. ઉપાય અનેક છે, તથાપિ જે પોતાને પુણ્ય યોગે પ્રાપ્ત થાય, તેને કામે લગાડી આવા અભ્યાસમાં વિલંબ કરવો જોઇતો નથી.-ભા. ક.

આવા જ્યોતિર્મય આત્માને બહિરાત્મા નથી જાણતો
તો તે શેને આત્મા જાણે છે ?

**गलन्मिलदणुव्रातसन्निवेशात्मकं वपुः ।**
**वेत्ति मूढस्तदात्मानमनाद्युत्पन्नविभ्रमात् ॥ ७४ ॥**

અર્થ—આ વિખરાઇ જતા અને વળી પાછા એકઠા થતા અણુ (પુદ્‌ગલ) ના સમૂહથી થયેલા આ શરીરનેજ અનાદિ કાળના વિભ્રમથી મૂઢ, આત્મા માની રહ્યો છે!!! ૭૪.

વિવેચન—પૂરાવું, ગળવું એવો જેનો સ્વભાવ તે પુદ્‌ગલ, એવાં પુદ્‌ગલો કેટલાંક ભેગાં થયાથી થએલું આ શરીર તે આત્મા મનાયો. અરેરે, આ તો પ્રિય વાંચનાર, આપણી સજડ ભૂલ થઇ છે, પરંતુ તેનો શોક કરી બહુ રડી રહેવામાં માલ નથી. રડીને પણ ઉપાય કરવો. તે એજ ઉપાય કે હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી ભૂલ ન થવા દેવી. કર્મના દોરીસંચાથી ચાલતો પોતે હતો ત્યાંસુધી એમ થયું. શું કરે? પરવશ થઇ ગયલો બાપડો! હશે, પરંતુ હવે ઉપયોગ શૂન્ય ન થવું કે ફરીથી આ શરીર તે આત્મા મનાઇ જાય અને જ્ઞાનમય, આત્મા તો જાણે છેજ નહિ એમ થઇ જાય, તેની સંભાળ અવશ્યે રાખવી.–ભા.ક.

હવે નિશ્ચય મોક્ષ કોને છે અને કોને નથી તે કહેછે.

मुक्तिरेव मुनेस्तस्य यस्यात्मन्यचलस्थितिः ।
न तस्यास्ति ध्रुवं मुक्तिर्न यस्यात्मन्यवस्थितिः ॥ ७५ ॥

અર્થ—મુક્તિ તો તે મુનિનેજ છે; કે જેની આત્મસ્વરૂપમાં અડોલ સ્થિતિ છે, પરંતુ જેની આત્મસ્વરૂપમાં અડોલ વૃત્તિ નથી, તેને નિશ્ચય મુક્તિ નથી. ૭૫.

વિવેચન—પ્રિય વાંચનાર, આપણે સાંભળીએ છીએ કે "મેરૂપર્વત જેટલા ઓઘા મોમતી" થાય, તોપણ મુક્તિ ન થાય. હવે વિચારો કે જ્યારે મેરૂપર્વત જેટલા થાય, ત્યારે ચારિત્ર કેટલાં બધાં લીધાં હોય અને તે છતાં એવા એકલા દ્રવ્ય ચારિત્રથી મુક્તિ નહીં. તે છતાં જેઓને વિતરાગવચનમાં શ્રદ્ધા છે, અને ચારિત્ર ગ્રહણ કરે છે, તેઓને સંસારીની અપેક્ષાથી એમાં કર્મબંધન ઓછાં થવાનો સંભવ છે. પરંતુ આત્મતત્વની ખબરવિના તપશ્ચર્યાદિના પ્રભાવે દેવતાદિના પુદ્ગલિક સુંખણાં કદાચ મળે, પરંતુ મોક્ષસુખની તો પ્રાપ્તિ આત્મજ્ઞાનવિના મુનિને પણ નથી, એમ નિશ્ચય લાગેછે. માટે આત્મજ્ઞાન કરવું અવશ્ય છે–ભા. ક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાર્થ આત્મસ્વરૂપ જાણનારે આત્માને દેહથી જુદો જાણવો.

दृढः स्थूलः स्थिरो दीर्घो जीर्णः शीर्णो लघुर्गुरुः ।
वपुषैवमसंबंधं स्वं विद्याद्वेदनात्मकम् ॥ ७६ ॥

અર્થ—ત્યારે મજબૂત, જાડો, સ્થિર, લાંબો, જૂનો, ક્ષણિક, મોટો, અને નાનો, એ સઘળા પર્યાય શરીરની સાથે જોડવા. જ્ઞાનાત્મક એવા પોતાના આત્માના એ પર્યાય છે. એમજ ન જાણવું. ૭૬.

માણસોનો સંસર્ગ એ સ્વસંવેદન આત્માનો અનુભવ કરવા દેતા નથી, માટે એકાંતમાં રહેવું એમ કહેછે.

जनसंसर्गवाक्चित्तपरिस्पंदमनोभ्रमाः ।
उत्तरोत्तरबीजानि ज्ञानी जनमतस्त्यजेत् ॥ ७७ ॥

અર્થ—માણસના સંસર્ગથી વાણી ને ચિત્ત ચંચળ થઇ મનને ભ્રાંતિમાં રાખેછે; માટે જ્ઞાની પુરૂષે, ઉત્તરોત્તર એવી ભ્રાંતિના બીજરૂપ માણસનો સંસર્ગ તજવો. ૭૭.

વિવેચન—આ શ્લોક આત્મજ્ઞાનના નવા અભ્યાસીને માટે છે અને જે ધ્યાનમાર્ગના નવા અભ્યાસી છે, તેણે લોકોનો સંસર્ગ બહુજ થોડો રાખવો.

પરંતુ દૃઢ અભ્યાસીને શું કરવું ? તે હવે કહેછે.

नगग्रामादिषु स्वस्य निवासं वेत्त्यनात्मवित् ।
सर्वावस्थासु विज्ञानी स्वस्मिन्नेवास्तविभ्रमः ॥ ७८ ॥

અર્થ—"પર્વત કે ગામ વગેરેમાં મારે વસવું" એ જેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મતત્વની ખબર નથી તેને છે, પરંતુ જેને પરવસ્તુમાં પોતાપણાનો વિભ્રમ નથી, તેવા જ્ઞાનીએ તો સર્વે અવસ્થામાં પોતાના આત્મામાંજ વસવું. ૭૮.

હવે ભવનું ને ભવથી છુટવાનું કારણ કહેછે.

आत्मेति वपुषि ज्ञानं कारणं कायसंततेः ।
स्वस्मिन् स्वमिति विज्ञानं स्याच्छारीरांतरच्युते ॥७९॥

અર્થ—આ શરીર તેજ આત્મા એવું જ્ઞાન તેજ ભવોભવનું કારણ છે, અને પોતાનો આત્મા તેજ હું, એવું વિશેષજ્ઞાન તે ભવોભવથી છોડનાર છે. ૭૯.

आत्माऽत्मना भवं मोक्षमात्मनः कुरुते यतः ।
अतो रिपुर्गुरुश्चायमात्मैव स्फुटमात्मनः ॥ ८० ॥

અર્થ—જ્યારે આત્મા પોતેજ આત્માને ભવોભવમાં લઇ જાય છે અને મોક્ષેપણ તેજ પહોંચાડે છે, એટલા માટે આત્માજ આત્માનો પ્રગટ રીતે શત્રુ પણ છે અને ગુરૂ, મિત્ર, પણ છે. ૮૦.

આત્માજ આત્માનો ગુરૂ ને શત્રુ છે.

આત્મજ્ઞાની, મરણ પાસે આવતું જોઇ શું કહે છે?

पृथग्दृष्ट्वाऽऽत्मनः कायं कायादात्मानमात्मवित् ।
तथा त्यजत्यसंगोंऽगं यथा वस्त्रं घृणास्पदम् ॥ ८१ ॥

અર્થ—આત્મજ્ઞાની આત્માથી કાયાને જેમ જૂદી જૂએછે, તેમ કાયાથી આત્મા પણ જૂદોજ માને છે. માટે મર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણુપાસે હોય, ત્યારે અંગને એવી રીતે છોડી દે છે કે જાણે વિષ્ઠાથી ખરડાએલું વસ્ત્ર હોયની? ૮૧.

કોણ પોતાના સ્વરૂપથી પાછા પડતા નથી તે કહેછે.

अंतर्दृष्ट्वात्मनस्तत्त्वं बहिर्दृष्ट्वा ततस्तनुम् ।
उभयोर्भेदनिष्णातो न स्खलेदात्मनिश्चये ॥ ८२ ॥

અર્થ—જે દેહ અને આત્માના ભેદ જાણવામાં નિપુણ છે, તે પોતાના અંતરમાં આત્મતત્વને અને બાહિર શરીરને જુએ છે; આવી નિપુણ ભેદદૃષ્ટિથી તે પોતાના આત્મસ્વરૂપથી કોઈ દિવસે પાછા પડતા નથી. ૮૨.

આત્મજ્ઞાનીને આરંભમાં ને પછી જગત્ કેવું લાગે છે ?

तर्कयेज्जगदुन्मत्तं प्रागुत्पन्नात्मनिश्चयः ।
पश्चाल्लोष्टमिवाचेष्टं तद्द्रष्टाभ्यासवासितः ॥ ८३ ॥

અર્થ—જેને આત્મનિશ્ચય થાયછે, તેને પ્રથમ આ જગત્ ઉન્મત્ત જેવું લાગેછે, પરંતુ તેજ જગત્ આત્મદર્શનની દૃઢ વાસના થયા પછી, માટીનાં ઢેભાં જેવું લાગેછે. ૮૩.

આત્મા, શરીરથી ભિન્ન છે એવું માત્ર બોલવા કે સાંભળવાથી મોક્ષ નથી.

शरीराद्भिन्नमात्मनं शृण्वन्नपि वदन्नपि ।
तावन्न मुच्यते यावन्न भेदाभ्यासनिष्ठितः ॥ ८४ ॥

અર્થ—આ શરીરાદિથી આત્મા જુદો છે. એવું માત્ર બોલવાથી કે સાંભળવાથીજ બંધનથી મુકાઈ મોક્ષ પામતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ જ્યારે વેદજ્ઞાનના અભ્યાસથી આત્માનો નિશ્ચય થાયછે, ત્યારેજ મોક્ષ પામેછે. ૮૪.

આત્મભાવના તેણે કેવી કરવી ?

व्यतिरिक्तस्तनोस्तद्वद्भाव्योऽयमात्मनात्मनि ।
स्वप्नेऽप्ययं यथाऽभ्येति पुनर्नांगेन संगतिम् ॥ ८५ ॥

**અર્થ**—આ શરીરથી જૂદા એવા આત્માની આત્મા વિષે એવી દૃઢ ભાવના કરવી કે સ્વપ્નમાં પણ હું શરીર છું, એવી પોતાને ફરીથી અંગસંગતિ ન થઈ જાય. ૮૫.

**વિવેચન**—આ ગ્રંથનું દોહન એટલે સાર એજ છે કે પુદ્ગલાનંદી મટી આત્માનંદી થવું અને પોતે જે જે અંશે પુદ્ગલાનંદી મટતો જશે, તેમ તેમ તે પોતાના ભવભ્રમણ ઘટાડતો જશે અને આત્મનિશ્ચય કરી જ્યારે જાગૃત કે સ્વપ્નમાં પણ પુદ્ગલાનંદ ન થાય અને પોતાના સ્વભાવમાં (પછી, આજથી, કાલથી, ૧૦૦ વર્ષ પછીથી કે કરોડ વર્ષ પછી પણ) રહે, ત્યારે તેને અવશ્ય ભવનો છેડો બહુજ નજીક આવી પરમાનંદ પદ પામવાનું સુલભ થઇ જશે.–ભા. ક.

પછી વ્રતવિકલ્પો પણ તજવા.

यतो व्रताव्रते पुंसां शुभाशुभनिबंधने ।
तदभावात्पुनर्मोक्षो मुमुक्षुस्ते ततस्त्यजेत् ॥ ८६ ॥

**અર્થ**—અવ્રતથી પાપનો બંધ, ને વ્રતથી પુણ્યનો બંધ અને એ બેઉનો એટલે પુણ્યપાપનો અભાવ એ મોક્ષ માટે મુમુક્ષુએ એ બેઉનો ત્યાગ કરવો. ૮૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ તે ત્યાગ કેવા ક્રમથી કરવો ? તે હવે કહે છે.

प्रागसंयममुत्सृज्य संयमैकरतो भवेत् ।
ततोऽपि विश्लिषेत् प्राप्य सम्यगात्मन्यवस्थितिम्॥८७॥

**અર્થ**—પ્રથમ અવ્રતિપણું છોડી વ્રતમાં મગ્ન થવું અને જ્યારે સમ્યગાત્મામાં યથાર્થ સ્થિતિ થઇ કે પછી વ્રતને પણ છોડી દેવાં. ૮૭.

**વિવેચન**—જ્યાંસુધી આત્મજ્ઞાન ન થયું હોય ત્યાંસુધી ઇંદ્રિયો વગેરે બહુ ચંચળ હોયછે. અને એ જ્ઞાન થયા પછી પણ પૂર્વના અભ્યાસથી પરવસ્તુમાં રાગદ્વેષ થઈ આવેછે. માટે આત્મજ્ઞાનના અભ્યાસીએ આ વાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે, જ્યાંસુધી સ્વરૂપ ઓળખાઈ તેમાંજ **રમણતા** ન થાય ત્યાંસુધી વ્રતને તજવાં નહીં અને જો ઉતાવળ કરી તજી દેશે તો, જે લાભ સ્વરૂપ સ્પર્શથી થયો હશે, તે પણ ખોઈ દઈ પડવાઇ થઇ જશે, માટે પ્રિય વાંચનાર, વ્રતને છોડતાં બહુ વિચારજે. જ્યારે તારો આત્મા વ્રતવિના પણ વ્રતના **સાધ્યમાં** રહે, ત્યારેજ તું વ્રત છોડજે. આમાં ઉદાહરણ,–એકે જેમ આપણે રસ્તામાં જતાં છુટા સિંહથી બીહીને ઘરમાં ભાગી જઇએ છીએ, પરંતુ તેને પાંજરામાં પુરેલો હોય, તો તે ભયંકર હોવા છતાં આપણે ઘરમાં નાશી જવાની જરૂર નથી. તેમ આપણને જો અહિંસા મહાવ્રત દ્રવ્યથી હોય તોપણ આપણાથી કોઈ પણ પ્રાણીને ભય પામવાનું રહે નહિ, કારણ કે આપણે વ્રતરૂપ પાંજરામાં હોવાથી બિચારા બીજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જંતુઓને અભયદાન મળેછે. પરંતુ એ મહાવ્રત પાળતાં જ્યારે આપણામાં એવી શક્તિ સ્ફુરે કે, આપણાથી ભય પામતા પ્રાણી આપણા ખોળામાં આવી રમે, એટલુંજ નહિ પરંતુ વિરૂદ્ધ સ્વભાવવાળા પણ પોતાનું વૈર છોડવાની બુદ્ધિવાળા, આપણને જોતાંજ થઈ રહે, ત્યારે આપણમાં અહિંસાભાવ પ્રગટ થયો કેહેવાય, અને તે વખતે દ્રવ્યથી અહિંસાવ્રત આપણે છોડી દઇએ, તોપણ આપણે અહિંસાવ્રતમાંજ છીએ. કારણકે **ભાવ અહિંસા આત્માનો સ્વભાવ** છે. તેથી તે ન છૂટે પણ **વિભાવ** છૂટે માટે વ્રત છોડતાં પોતાના આત્માની ખૂબ **વિચિક્ષણતાથી** પરીક્ષા કરવી જોઇએ.–ભા.ક.

જાતિ અને લિંગના આગ્રહથી પણ મોક્ષ નથી તે કહેછે.

**जातिर्लिङ्गमिति द्वंद्वमंगमाश्रित्य वर्तते ।**
**अंगात्मकश्च संसारस्तस्मादेतद्द्वयं त्यजेत् ॥ ८८ ॥**

અર્થ—જાતિ અને લિંગ એ બે દેહને આશ્રીને રહ્યાં છે, અને એજ દેહ તેજ સંસાર છે, માટે જાતિને લિંગનો (પરમાર્થ દૃષ્ટિવાળાએ) આગ્રહ કરવો નહિ. ૮૮.

**વિવેચન**—જાતિ એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શ્રાવક, વૈષ્ણવ, ઇત્યાદિ, અને લિંગ એટલે સ્ત્રી, પુરૂષ, નપુંસક અથવા સાધુ, સંન્યાસી, ઇત્યાદિ. હવે એ બ્રાહ્મણાદિ જાતિ અને સાધુઆદિ લિંગ, એ ખરૂં પૂછોતો તે દેહને છે. આત્મા કંઈ બ્રાહ્મણ નથી, સાધુ નથી, સંન્યાસી નથી. માટે એવોજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગ્રહ કરીએ કે ફક્ત અમુક જાતિ ને અમુક લિંગવાળાજ મોક્ષે જાય, તો એ દુરાગ્રહ છે. પરંતુ જેને આત્મસ્વરૂપની યથાર્થ ખબર છે, તે ગમે તે જાતનો હોય, ગમે તો સ્ત્રી હોય કે ગમે તો પુરૂષ હોય, ગમે તો સાધુ હોય ને ગમે તો શ્રાવક હોય, ગમે તો ફકિરી પોશાક પેહેરતો હોય અને ગમેતોભગવાં પેહેરતો હોય, તેને પણ મોક્ષ થવામાં બાધ નથી. પરંતુ આત્મસ્વરૂપ યથાર્થ સ્વસંવેદન થવું જોઇએ. જૈનશાસ્ત્ર જેમ આ બાબતમાં ઉદારબુદ્ધિવાળું છે, તેમજ પરમેશ્વરની બાબતમાં પણ ઉદારબુદ્ધિવાળું છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કહેછે કે, આ જીવને ભવોભવમાં ભટકાવનાર રાગ દ્વેષ છે, અને એ ભવ ઉત્પન્ન કરનારા રાગદ્વેષનાં બીજો જેનાં બળી ગયાં છે, તે જોઇએ તો શિવ હોય, જોઇએ તો વર્ધમાન હોય, જોઇએ તો, વિષ્ણુ હોય, તેને મારો નમસ્કાર છે. હવે માત્ર જોવાનું એટલુંજ છે કે રાગદ્વેષ બીજા દેવને છે યા નહિ, અને જાતિ, લિંગ જેમ શ્રાવક, કે સાધુ મુનિરાજને છે, તેમ બીજાને પણ છે; માટે આત્મસ્વરૂપને યથાર્થ તે ઓળખેછે યા નહિ તેની પરીક્ષા કરવામાં વિચિક્ષણ થવું જોઇએ. પરંતુ ખોટો આગ્રહ કરી પરનિંદામાં તો નજ પડવું. અંતરાત્માએ તો બનતાં સુધી બીજાઉપર કરૂણાબુદ્ધિ દાખવવી. તે ન રહે તોજ ઉપેક્ષા કરવી કારણકે એજ તેને શ્રેયસ્કર છે અને જે અંતરાત્મા ન હોય, છતાં દ્રવ્ય સમ્યકત્વવાન હોય, તેને પણ મારી એજ ભલામણ છે કે અન્ય દર્શનનો પરિચય ન કરવો, પરંતુ તેની નિંદા કરી પોતાના



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્માને રાગદ્વેષથી કાળો ન કરવો, હા યથાર્થ સમય જોઈ બોલવું, વર્તવું, પરંતુ તેમાં પોતે જોવું કે મને રાગદ્વેષ થાય છે કે નહિ! જો રાગદ્વેષ થતા હોય તો મધ્યસ્થજ રેહેવું. દ્રવ્ય સમ્યક્ત્વાન સુદેવ, સુગુરૂ, ને સુધર્મને જાણે છે, તેણે તો પોતાના સાધ્ય તરફ દૃષ્ટિ રાખવી કે, અમારા દેવ, ગુરૂ ને ધર્મ કેવા છે? ખરૂં પૂછો તો દેવ ગુરૂ ને ધર્મને અનુસરનારા, ધર્મને અર્થે શાસન, તાડન, તર્જન વગેરે કરે, પરંતુ જેને શાશનાદિ કરે તેના ઉપરથી, પણ તેની કરૂણાબુદ્ધિ ન જાય. તેને શાશનાદિ કરવામાં પણ તેનું હિત હોય. મને તો આમ મારી મતિ કલ્પનાથી સુઝ્યું છે. યથાર્થ **જ્ઞાની મહારાજ** કે **ગીતાર્થ મહારાજ** જાણે. આ સંબંધમાં તેનું જે વચન હોય તે મને પણ પ્રમાણ છે.– ભા. ક.

જેમ જાતિ અને લિંગનું કહ્યું તેમજ અનાત્મદર્શીને દેહને વિષે બીજો પણ કેવો વિપર્યાસ થાયછે તે કહેછે.

**अभेदविद्यथा पंगोर्वेत्ति चक्षुरचक्षुषि ।**
**अङ्गेऽपि च तथा वेत्ति संयोगाद् दृश्यमात्मनः॥८९॥**

અર્થ—જેને ભેદજ્ઞાન નથી, તે જેમ પાંગળાની દૃષ્ટિ આંધળાને આરોપેછે, તેમજ આત્મા અને દેહના સંયોગથી આત્માની દૃષ્ટિ દેહને વિષે આરોપેછે. ૮૯.

**વિવેચન**—કોઇ પાંગળો આંધળાને ખભે બેસી ચાલ્યો જાયછે. હવે દેખેછે તો પાંગળો પણ એમ કહે કે આંધળો દેખેછે, તેમ જેને આત્માના સ્વરૂપની ખબર નથી, તે આત્માનું જોવું તે, શરીરની આંખને આરોપેછે. આંખ તો આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવ શરીરમાંથી છુટયા પછી પણ હોય છે છતાં જીવ જો શરીરમાં ન હોય તો, તે દેખતો નથી. માટે દેખનારી આંખ નથી, પણ આત્મા છે. આંખ તો એક દ્વાર છે, જેથી આત્મા વખતે ખેંચાઇ પરવસ્તુને વિષે મોહ પામેછે અને સદ્ વિચારવાન હોય તો, શુભ નિમિત્ત લઈ તેજ દ્વારથી મોહથી છુટવાને યોગ્ય થાય છે. પરંતુ આત્મદર્શનને માટે તો અંતરાત્મતત્ત્વ છે ને તે સ્વપદનો સાક્ષીભૂત જણાય છે.–ભા.ક.

પરંતુ આત્મદર્શીને તેવો વિપર્યાસ થતો નથી.

भेदविन्न यथा वेत्ति पंगोश्चक्षुष्यचक्षुषि ।
ज्ञातात्मा न तथा वेत्ति तत्काये दृश्यमात्मनः॥९०॥

અર્થ—પરંતુ જેને આંધળા ને પાંગળાના ભેદની ખબર છે, તે આંધળાની દૃષ્ટિ જેમ પાંગળાને આરોપતો નથી. તેમ જેણે આત્માને જાણ્યો છે, તે આત્માની દૃષ્ટિ શરીરને નહિ આરોપે ૯૦.

વિવેચન—કોઈપણ દેખતો માણસ, આંધળાના ખભા ઉપર બેઠેલા પાંગળાને જોતો દેખે, તે આંધળો જુએછે એમ કહેશે નહિ, તેમજ જેને પોતાનું આત્મતત્ત્વ જોવાને દિવ્ય ચક્ષુ છે, તે જડ એવા શરીરને જોનાર છે એમ નહિ માને. એ જડનો તથા પોતાના સ્વતત્ત્વનો જોનાર સાક્ષી પોતાનો આત્માજ છે, એમ જ્ઞાની તો જાણી લેશે.– ભા. ક.

જ્ઞાની અને અજ્ઞાનીને જાગૃત અને સ્વપ્નાવસ્થા કેવી છે.

मत्तोन्मत्तादिचेष्टासु यथाऽज्ञस्य स्वविभ्रमः ।
तथा सर्वास्ववस्थासु न क्वचित्तत्त्वदर्शिनः ॥ ९१ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—જે અજ્ઞાની છે, તેને જાગૃત ને ઉન્મત્ત આદિ અવસ્થા એ હું એવો વિભ્રમ થાયછે, પરંતુ જે તત્વદર્શી છે, તેને સર્વ અવસ્થામાં એવું બિલકુલ થાયજ નહિ. ૯૧.

ઘણાં શાસ્ત્ર ભણે, પણ શરીરને આત્મા માનનારને મોક્ષ ન થાય.

देहात्मदृग् न मुच्येत चेज्जागर्ति पठत्यपि ।
सुप्तोन्मत्तोऽपि मुच्येत स्वस्मिन्नुत्पन्ननिश्चयः ॥ ९२ ॥

અર્થ—આ શરીર એજ આત્મા એવું જોનાર માણસ જોઈએ તો જાગે, ને જોઇએ તો શાસ્ત્રોનો અભ્યાસ કરે, તોપણ (સાધ્યની ખબર ન હોવાથી) કર્મના બંધનથી મુકાય નહિ; અને જેને પોતાના સાધ્ય એવા આત્માનો પોતાનામાંજ નિશ્ચય થયો છે, તે જોઇએ તો સુતો હોય, જોઇએ તો ઉન્મત્ત હોય તથાપિ તે બંધનથી મૂકાયછેજ. ૯૨.

**વિવેચન**—સમ્યકત્વ પ્રાપ્તિ એટલે અંતરાત્મવૃત્તિ જ્યાંસુધી ન થઈ હોય, ત્યાંસુધી ઘણાં શાસ્ત્ર ભણનારા જીવતા ફોનોગ્રાફ જેવા છે. જેમ ફોનોગ્રાફમાં જે શબ્દો બોલાયેલા હોય, તે પાછા તેવાને તેવા કહી જાય, તેમ આ માણસો પણ બીજા શાસ્ત્રકારોનું બોલવું તેવુંને તેવું બોલી જાયછે. અને જો સમ્યકત્વ આવ્યું હોય તો, વસ્તુ સ્વરૂપને નાના પ્રકારે કહેતો જાય; ને પછી તેમાં શાસ્ત્ર સમ્મત કેમ છે તે દાખવતો જાય. કારણકે અનુભવ જે શાસ્ત્રકારને છે, તેમ પોતાને પણ થયો છે.

જ્ઞાનભંડાર ઉઘડતાં એમ માલુમ પડે છે કે, ક્ષયોપશમ ટાણે પણ અનુભવ છે, અને તે સિવાયના બીજા સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યમાં ક્ષયોપશમના ટાણાને દૃઢ સ્મૃતિમાં લાવી તેમાં શ્રદ્ધા કરવામાં આવે તો પાછો ક્ષયોપશમ આવી ઉભો રહે છે.

હવે અંતરાત્માને પરમાત્મા થવાના બે ઉપાયમાંનો એક કહેછે.

आत्मानं सिद्धमाराध्य प्राप्नोत्यात्माऽपि सिद्धताम् ।
वर्तिः प्रदीपमासाद्य यथाऽभ्येति प्रदीपताम् ॥ ९३ ॥

અર્થ—આત્મા પોતાથી ભિન્ન એવા સિદ્ધ અર્હદાત્માની આરાધના કરતો કરતો પોતે પણ સિદ્ધ અર્હદાદિ થાયછે; જેમ વાટ દીવાને પામી પોતે પણ દીવારૂપ બની જાય છે. ૯૩.

હવે અંતરાત્મા પોતાનુંજ ધ્યાન કરતાં પરમાત્મા થાયછે, તે કહેછે.

आराध्यात्मानमेवात्मा परमात्मत्वमश्नुते ।
यथा भवति वृक्षः स्वं स्वेनोद्धृष्यहुताशनः ॥ ९४ ॥

અર્થ—અથવા આત્મા અંતરાત્મા થઇ પરમાત્મત્વ એટલે પોતાના શુદ્ધસ્વરૂપની ભાવના કરી, તેમાંજ લય લગાવી દે તો, તે પરમાત્મા થઇ જાય. જેમ, લાકડું પોતેજ લાકડાની સાથે ઘસવાથી અગ્નિ પ્રગટ થાયછે. ૯૪.

ઉપસંહારરૂપ ફલ કહેછે.

इत्थं वाग्गोचरातीतं भावयन् परमेष्ठिनम् ।
आसादयति तद्यस्मान्नभूयो विनिवर्तते ॥ ९५ ॥

અર્થ—આ પ્રમાણે વાણીથી નહીં વર્ણવી શકાય એવી પરમાત્મની ભાવના કરતાં કરતાં. પોતેજ પરમાત્મરૂપ બને છે; અર્થાત્ મોક્ષ-લક્ષ્મીને પામેછે કે જ્યાંથી ફરી પાછું ભવસમુદ્રમાં પડવાનું નથી. ૯૫.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મા સર્વદા એકાંતમુક્ત છે એમ માનનારા સાંખ્યમતને નિરાસ્ત કરેછે.

**अयत्नजनितं मन्ये ज्ञानिनां परमं पदम् ।**
**चेदात्मन्यात्मविज्ञनमात्रमेव समीहते ॥ ९६ ॥**

**અર્થ**—આત્મામાં આત્માનું જ્ઞાન માત્ર બસ છે. એમ જો ઇચ્છા રાખે તો હું એમ માનું છું કે જ્ઞાનીનું પદ અયત્ન સાધ્ય છે. ૯૬.

**વિવેચન**—સાંખ્યમતપ્રમાણે આત્મા નિત્યમુક્ત હોય તો પછી મોક્ષને માટે પ્રયાસ કરવાની જરૂર શી? પરંતુ તે નિત્યમુક્ત નથી, માટે આપણે મુક્ત થવા પ્રયાસ કરવો પડેછેજ, પણ પછી સહજ આનંદરૂપ થઈ રહેછે.

મરણ પછી પરમાત્માનો અભાવ છે એમ કહેનારને કહેછે.

**स्वप्ने दृष्टविनाशोऽपि यथाऽऽत्मा न विनश्यति ।**
**जागरेऽपि तथा भ्रांतेरुभयत्राविशेषतः ॥ ९७ ॥**

**અર્થ**—સ્વપ્નમાં દેખેલી વસ્તુના વિનાશથી કંઈ આત્માનો નાશ થતો નથી. તેમજ જાગૃતમાં ભ્રાંતિથી દેખેલી વસ્તુના નાશથી પણ કંઇ આત્માનો નાશ નથી થતો, કારણ કે બેઉમાં વિપર્યાસ સમાન છે. ૯૭.

**વિવેચન**—જન્મમરણ જાગૃતમાં દેખાય છે તે બેઉના નાશથી તેજ રીતે આત્માનો નાશ નથી થતો કારણ કે તે અનુભવરૂપ જાગૃત અવસ્થામાં જન્મમરણનો આત્મા, દ્રષ્ટા, જ્ઞાતા થઇ રહેછે. અમેરિકામાં યુનાઈટેડસ્ટેટમાં મિચિગન ના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મતું એક રળિઆમણું સંસ્થાન છે. આ સંસ્થાનનું મુખ્ય શહેર ડિટ્રોઇટ છે, તેમાં ડાક્ટર મેડો ને તેમનાં પત્ની રહે-છે. આ બન્ને જે મારાં બેન ને બનેવી છે, તેઓ મારા શિષ્ય વર્ગમાં હતાં. તેમને ઘેર વર્ગમાં હું ધ્યાનનો પાઠ આપતો હતો. હવે બનાવ એવો બન્યો કે, મારાં બેન મિસીસ મેડોનું પોતાના લગ્ન વખતે ભેટ મળેલું, એક ઘણુંજ સુંદર, પુષ્પ-પાત્ર (Wedding-vase) એક ટેબલપર પડેલું હતું. તે વ-ર્ગમાં આવનાર એક ગૃહસ્થના અથડાવાથી ફુટી ગયું. પુષ્પ-પાત્ર સાઠ ડાલર (એકસો એંશી રૂપીઆ)નું હતું. આ ફુટી જતાં મારાં બેન બોલી ઉઠ્યાં કે "મારા હૃદયના ચૂરેચૂરા થઈ ગયા."

ત્યારે ભાષાંતર કર્તાએ તેમને કહ્યું કે, બેન! લગ્નમાં ભેટ આવેલું પુષ્પપાત્ર ફુટી ગયું. હવે વિચારો કે તે લગ્નની સુખ-રૂપ હૈયાતીને માટે જે આપેલું હતું તે પાત્ર ફુટીગયું, પણ બેન લગ્ન કાંઈ ફુટી ગયું છે? મારા બનેવી ડાક્તર તો તમને વધારે ચાહેછે, અને તમારૂં પુષ્પપાત્ર ફુટી જવાથી તમારા-પર દયા આવવાને લીધે, તમારા ઉપરનો પ્રેમ સુદૃઢ થતો જાયછે. માટે જેને માટે પુષ્પપાત્ર મળ્યું તે તો ઉલટું કાયમ અને મજબુત થયું જણાય છે.

વળી દરેક વસ્તુ જેને લોકો ભ્રાંતિથી નાશ પામેછે એમ કહેછે, તે નાશ નથી પામતી પણ તેનું સ્વરૂપ વધારે સુંદર થવાને દૃષ્ટિથી જરા દુર રહી બીજી તરફથી આવે છે. તેમ તમારૂં પુષ્પપાત્ર પણ વધારે સુંદર થવાને ગયું છે. બેન મિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સીસ મેડોએ પ્રશ્ન કર્યું કે, એવી ખાત્રી કેમ થાય કે, તે વિશેષ સુંદર થવાને ગયું છે?

લાલને કહ્યું, જુઓ બેન આપણા અમેરિકામાં ૨૫ વર્ષ ઉપર જે પુષ્પપાત્ર હતાં તે કેવાં બેડોલ હતાં; અને તે વખતે આપણને સુન્દર લાગતાં હતાં; તે ફુટી ગયાં તો આજે આવાં સારાં બન્યાં. તેમજ હમણાં જે પુષ્પપાત્ર ફુટી જાયછે, તે વધારે સારાં ને મજબુત થવાને ફુટી જાયછે. માટે દિલગીર થવાને બદલે હર્ષ થવો જોઇયે.

વળી તમે જેને ત્યાં રહી સ્ટેન્યોગ્રાફી (ચિન્હાક્ષર લેખનવિદ્યા)ના ધંધામાં તમારા ઉપરીને સંતોષ આપવાથી તે તમને ભેટ મળ્યું હતું. માટે તે પુષ્પપાત્ર તમારી ચિન્હાક્ષર લેખનવિદ્યાએ ઉત્પન્ન કર્યું એમ કહેવાય તો તે ચિન્હાક્ષર લેખનવિદ્યા તો કાંઈ ફુટી નથી ગઈ. એણેતો પુષ્પપાત્ર મળ્યા પછી પણ એવાં ઘણાંએ પુષ્પપાત્ર મળે, એટલા ડાલર ઉત્પન્ન કર્યા અને હજી કરેછે, અને ધીરજ રાખશો તો એ પુષ્પપાત્ર સુંદર બની રહે એટલામાંજ તમારી ચિન્હાક્ષર લેખનવિદ્યાની ટંકશાળમાંથી નવું સુંદર બનેલું પુષ્પપાત્ર લઈ શકાય, એટલા ડાલરો નીકળી પડશે.

પ્રિય વાંચનાર! વસ્તુઓ સઘળી આપણામાં ભરેલા અનંત વીર્યને લીધે, આપણી પાસે ખેંચાઈ આવેછે અને તે જ્યારે ચર્મચક્ષુથી દુર થાયછે, ત્યારે પણ અંતરાત્મથી દેખાતા આત્માના વીર્યથી દુર થતી નથી. આત્મા તો જાણેછે, જુએ છે અને એ ઉભયવડે આનંદ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુદ્ધ આત્માને કેવો જાણવો તે કહેછે.

अतींद्रियमनिर्देश्यममूर्त्तं कल्पनाच्युतम् ।
चिदानंदमयं विद्धि स्वस्मिन्नात्मानमात्मना ॥ ९८ ॥

અર્થ—ઇંદ્રિયોથી અગોચર, બતાવી ન શકાય એવો અ-રૂપી, કલ્પનારહિત, ચિદાનંદમય એવા આત્માને આત્મામાંજ તું જાણ. ૯૮.

આત્માને આત્મારૂપે જાણનારનેજ મોક્ષ છે, તે કહેછે.

मुच्येताधीतशास्त्रोऽपि नात्मेति कलयन्वपुः ।
आत्मन्यात्मानमन्विष्यन् श्रुतशून्योऽपि मुच्यते ॥९९॥

અર્થ—આ શરીર એજ આત્મા છે, એવું જાણનાર શાસ્ત્ર ભણેલો હોય, તોપણ કર્મબંધનથી મુકાય નહિ, પરંતુ શાસ્ત્ર ન ભણેલો હોય તથાપિ આત્માને વિષે આત્માની શોધ કરનારો કર્મબંધનથી મુકાય ખરો ! ૯૯.

વિવેચન—પરંતુ શાસ્ત્ર ભણેલો હોય અને વળી આત્માને વિષે ખોળ કરતો હોય તો, તેને બંધનમુક્ત થવામાં ઉપર કહેલા બેઉ કરતાં વિશેષ સુલભતા થાય.

“ માસતોસ માસરોસ ”નામના ઋષિ આત્મામાંજ રહેલા ભાવકર્મરૂપ રાગદ્વેષને મુકી દેતાં, કેવલજ્ઞાન પામ્યા. અને તેમના ગુરૂભાઇ ઘણાં શાસ્ત્રો ભણેલા છતાં મુક્ત ન થયા માટે શાસ્ત્ર નહિ ભણવું એમ અહીં કહેવાની મતલબ નથી, પરંતુ ભણીને પણ આત્માર્થના ખપી થવું. આત્માર્થી થવામાં કદાચ આ ઉપાય કંઇક લાગુ પડે. પહેલાં તો જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંસારિક વસ્તુઓમાં પોતાને લાગતું વળગતું નથી, તેવી **પરચિંતા** મુકવી. આમ કરવાથી **અનર્થદંડ**નાં પાપ લાગતાં હોશે, તે લાગતાં બંધ થશે. ત્યારપછી **ભોગચિંતા** મુકવી કારણ કે ભોગ ક્ષણભંગુર છે. ત્યારપછી **મોહચિંતા** મુકવી, એટલે અરે મેં આટલાં બધાં કર્મ કર્યાં છે, હું તેમાંથી કયારે છુટીશ? એમ કરી રોજ રોઇ રોઈ બેસી ન રહેવું, પરંતુ **વીર્ય** બળવાન્ કરી મોહને હઠાવવો. આ પ્રમાણે અધમમાં અધમ પરચિંતા, પછી અધમ એવી કામચિંતા, પછી મધ્યમ એવી મોહચિંતા મુકાય, પછી માત્ર પોતાના **આત્મસ્વરૂપનીજ** ચિંતા કરવી, એટલે તેનુંજ ચિંતવન કરવું, તેનીજ ચર્ચા કરવી, તેને માટેજ ભણવું. પ્રથમ અશુભ ક્રિયામાંથી નિવૃત્ત થઈ, શુભ ક્રિયાઓ કરવી અને શુભ ક્રિયામાં આ પ્રકારે આત્મતત્વ જાણવું; જણાયા પછી તેમાંજ રમણતા થઈ રહે, રમણતા થતાં સ્વપ્નમાં પણ પરવસ્તુમાં રાગદ્વેષ ન થાય, આટલેસુંધી ચેતન ચડે, ત્યારે **આત્મચિંતા** પણ મુકવી. એટલે તેમાંજ સ્થિર થવું, એટલે સવિકલ્પસમાધિ મૂકી નિર્વિકલ્પસમાધિમાં આત્મા દાખલ થશે એમ થતાં થોડાજ ભવમાં **જ્ઞાનમય, દર્શનમય, આનંદમય, ચારિત્રમય, વીર્યમય, અરૂપી, અગુરૂલઘુ સાદિઅનંત** એવો **આત્મા** પોતાના સ્વસ્વરૂપે થઈ રહેશે. પરંતુ આ પરમ સ્થિતિ પામવી પોતાના સામર્થ્યમાં હોવા છતાં મન, વચન, કાયા–ને ઉપરપ્રમાણે ન પ્રવર્તાવનારને તો એજ ભવભ્રમણ કે વખતે **મેરૂપર્વત** જેટલા ઓધામોમતી પણ થાય. માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાશક્તિ ત્રણે કરણે આ પ્રયોગ કરી તેનો પરમ આસ્વાદ લઇ જોવો કે જેથી દુઃખમય જઈ આનંદમય થવાય.–ભા.ક.

હવે આત્માનંદ કેમ ચાખવો તે કહેછે.

पराधीनसुखास्वादनिर्वेदविशदस्य ते ।
आत्मैवामृततां गच्छन्नविच्छिन्नं तमिष्यते ॥ १०० ॥

અર્થ—પરવસ્તુના સ્વાદમાં વિરાગવાન્ થવું, એટલે આત્મા પોતેજ પોતાનામાં રહેલા અમૃતનો સ્વાદ હળવે હળવે લેતો જશે ને પછી તે સ્વાદનો અંતજ નહિ આવે. ૧૦૦.

યોગીએ આરંભમાં દુઃખથી પણ તત્વને જાણવું.

यदभ्यस्तसुखाज्ज्ञानं तद्दुःखेनापसर्पति ।
दुःखैकशरणस्तस्माद् योगी तत्त्वं निरूपयेत् ॥ १०१ ॥

અર્થ—જે સુખી અવસ્થામાં જ્ઞાન આવ્યું હોય, તે કંઇ દુઃખ આવતાં ચાલ્યું જાય છે, માટે આત્માભ્યાસી યોગીએ દુઃખ પામવા છતાં પણ આત્મતત્વનું શોધન કરવું. ૧૦૧.

હવે ઉપસંહારરૂપ શુદ્ધ આત્મસ્વરૂપ કથન કરી ગ્રંથ સમાપ્ત કરેછે.

निखिलभुवनतत्त्वोद्भासनैकप्रदीपं–
निरुपममधिरूढं निर्भरानंदकन्दम् ।
परममुनिमनीषोद्भेदपर्यंतभूतं–
परिकलय विशुद्धं स्वात्मनात्मानमेव ॥ १०२ ॥

અર્થ—આ આત્મતત્વ કેવું છે કે આખા વિશ્વનાં તત્વો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ને તો જાણે ભાસનરૂપ કરી દેતું હોયની? એવા પ્રદીપ-ના સરખું છે, એ આત્મતત્વને જગતની કોઇ વસ્તુની ઉપમા અપાય નહિ તેવું હોવાથી નિરૂપમ છે. પરમાત્મરૂપ પરિપૂર્ણ ભરેલા આનંદના સમુદ્રસરખું પરમમુનિની બુદ્ધિને પ્રકાશ આપનાર અને દ્રવ્યભાવ કર્મથી રહિત એવું વિશુદ્ધ છે, તેને તું તારા આત્માવડેજ ઓળખ. ૧૦૨.

એજ ધર્મધ્યાન અને શુકલધ્યાનનું ધ્યેય છે એમ કહેછે.

**इति साधारणं ध्येयं ध्यानयोर्धर्मशुक्लयोः ।**
**विशुद्धिः स्वीयभेदेन भेदः सूत्रे निरूपितः ॥१०३॥**

અર્થ—આ આત્મતત્વ ધર્મધ્યાન તેમજ શુકલધ્યાનનું સમાન ધ્યેય[1] છે પરંતુ તેની વિશુદ્ધિ જેવા જેવા ધ્યાનમાં હોય તેવી તેવી હોય છે, એ વિશુદ્ધિનો સંપૂર્ણ ભેદ સુત્રોની અંદર કહ્યો છે.

**इत्याचार्यश्रीशुभचंद्रविरचिते योगप्रदीपाधिकारे**
**शुद्धोपयोगविचारप्रकरणं समाप्तम्**
**॥ शुभं भूयादध्येतुरध्यापकस्य च ॥**

---

૧ જે તત્વનું ધ્યાન કરવું તે ધ્યેય, અહીં શુદ્ધ ચૈતન્યમય આત્મા એજ ધ્યેય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## The Truth Face to Face.

In me there shines the Soul of whole,
Encent'ring and encircling all.
'Twixt God and man there is no wall,
Effect and cause in me e'er roll.

---

## પરમાત્માનુભવ.

મને કોઈ કે'તું જગત ખોટું,
તેતો મેં હવે જાણ્યું;
મને કોઈ કે'તું જગત સાચું,
તે પણ મેં હવે જાણ્યું.
કદી ખોટું તો મારે શું ?
કદી સાચું તો મારે શું ?
નથી થાતું નથી જાતું,
હુંમાં હું સમાયો છું.
અખંડ આ સ્થિર જોતિમાં,
નથી થાતું નથી જાતું.

પદ્મખિણની હૃદય–ગુફામાં યોગાનુભવ. } Lily Dale N. Y. U. S. A. January 21st 1900.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનાર્ણવરૂપ ક્ષીરસમુદ્રમાંથી નીકળતું નવનીત.

**अहोऽनंतवीर्योऽय, मात्मा विश्वप्रकाशकः ॥**
**त्रैलोक्यं चालयत्येव, ध्यानशक्तिप्रभावतः ॥**

અર્થ—અહો અનંત વીર્યવાળો, અને સકળ વિશ્વનો પ્રકાશક એવો આ આત્મા પોતાની ધ્યાનશક્તિના બળથી ત્રણે લોકને ચલાવે છેજ.

## श्रीमद् शुभचंद्र ज्ञानार्णव.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## નવીન પ્રસિદ્ધિ

# અધ્યાત્મમાળા.

**સવીર્ય ધ્યાન:**—ભાષાંતરકાર વી. રા. ગાંધી
વિવેચક, લાલન. ... ... ... છપાય છે.
**શુદ્ધોપયોગ:**—તૃતીયાવૃત્તિ, કિમ્મત દોષવાન ઉપર
એકવાર પણ કરૂણા ... ... ... ,,
**આનંદઘન બહોતરી:**—વિસ્તારપૂર્વક વિવેચનસહિત. હવે પછી.
સ્વાનુભવદર્પણ:—ભાષાંતરકાર મા. ઘે. વિવેચક લાલન. તૈયાર થાયછે.
અનુભવસિદ્ધિ ... ... ... ... ,,
સંક્ષેપ ધ્યાન ... ... ... તૈયાર થાયછે.
પૂર્વજન્મ સ્મૃતિવિચાર... ... ... ... થાય છે.
નયકર્ણિકા ... ... ... ... ... ,,
આશ્ચર્યમાળા ... ... ... ... ,,
.નમાળા ... ... ... ... ... ,,
લાલન કાવ્ય ... ... ... ... ,,
શીવ કાવ્ય ... ... ... ... ... ,,
**સદ્વક્તા.**(સભામાં ઉભા રહી છટાદાર ભાષણ કરવાની રીત) ૧ ૦ ૦
**શ્રમણ નારદ** ... ... ... ... ૦ ૨ ૦
આંતર વૈદ્ય ... ... ... ... ૦ ૧ ૦
વિચારબળથી કાર્યસિદ્ધિ ... ... ... ૦ ૨ ૦
વિચારસમાગમ ... ... ... ... ૦ ૨ ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

Emerson viewed with an Oriental eye 0 3 0
Key to the Esoteric meanings of
Bhagvad-Gita ... ... ... 0 4 0

Gandhi series or works of Mr. Virchand Raghavjee Gandhi B. A. Barrister at law (published with translation by Pandita Lalana)

*In preparation.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust